*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




# આત્મ-ભાવના

હું સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ છે એવો છું; હું નિર્વિકલ્પ છું; હું ઉદાસીન છું; હું નિજ નિરંજન શુદ્ધ આત્માનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચય-રત્નત્રયાત્મક જે નિર્વિકલ્પ સમાધિ તેનાથી ઉત્પન્ન વીતરાગ-સહજાનંદરૂપ સુખની અનુભૂતિમાત્ર જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા સ્વસંવેદન જ્ઞાન વડે સ્વસંવેદ્ય (પોતાથી વેદાવાયોગ્ય) -ગમ્ય (જણાવાયોગ્ય)-પ્રાપ્ય (પ્રાપ્ત થવા યોગ્ય)-એવો ભરિતાવસ્થ (-ભરેલી અવસ્થાવાળો, પરિપૂર્ણ સ્વરૂપ) છું; હું રાગ-દ્વેષ-મોહ, ક્રોધ-માન-માયા-લોભ, પાંચ ઇન્દ્રિયોનો વિષય-વ્યાપાર, મન-વચન-કાયાનો વ્યાપાર, ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ, ખ્યાતિ-પૂજા લાભની તેમ જ દૃષ્ટ-શ્રુત-અનુભૂત ભોગોની આકાંક્ષારૂપ નિદાન, માયા તથા મિથ્યારૂપ ત્રણ શલ્ય -ઇત્યાદિ સર્વ વિભાવ પરિણામ રહિત શૂન્ય છું. ત્રણે લોકમાં, ત્રણે કાળે શુદ્ધ નિશ્ચયનયે હું આવો છું તથા બધાય જીવો એવા છે-એમ મન-વચન-કાયાથી તથા કૃત-કારિત-અનુમોદનાથી નિરંતર ભાવના કર્તવ્ય છે.

-તાત્પર્યવૃત્તિ (સમયસાર)


તંત્રી : **પુરુષોત્તમદાસ શિવાલાલ કામદાર**
વીર સં. **૨૫૦૪, માર્ચ** (લવાજમ છ રૂપિયા) વર્ષ **૩૫** : અંક ૪

# બહેનશ્રીનાં વચનામૃત

* જેમ લીંડીપીપરનું લઢણ કરવાથી તીખાશ પ્રગટ થાય છે, તેમ જ્ઞાયકસ્વભાવનું લઢણ કરવાથી અનંત ગુણો પ્રગટે છે.

* મુનિએ બધા વિભાવો પર વિજય મેળવી પ્રવ્રજ્યારૂપ સામ્રાજય પ્રાપ્ત કર્યું છે. વિજયધ્વજ ફરકી રહ્યો છે.

* એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા. અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂક્કો બોલી જાય. આત્મા તો અનાદિ-અનંત ગુણોનો પિંડ છે.

* સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે. 'આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે. ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો.

* ચૈતન્યપરિણતિ તે જ જીવન છે. બહારનું તો અનંતવાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે.

* રુચિ રાખવી. રુચિ જ કામ કરે છે. પૂજ્ય ગુરુદેવે ઘણું દીધું છે. તેઓશ્રી અનેક રીતે સમજાવે છે. પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો. રુચિ વધારતા જવી. ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે. 'જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક'-એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ.

* ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ. અનાદિકાળથી લગની લાગી જ નથી. લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ.

* 'છે', 'છે', 'છે' એમ 'અસ્તિ' ખ્યાલમાં આવે છે ને? 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' છે ને? તે માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી. તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે, પણ તું તેની માત્ર

[ અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર જુઓ ]

વાર્ષિક લવાજમ છ રૂપિયા
વર્ષ ૩૫ અંક ૪




વીર સંવત ૨૫૦૪
A. D. 1978 MARCH

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

### જીવાદિ સાત તત્ત્વો બહિર્તત્ત્વ હોવાથી હેય

# શુદ્ધ આત્મા જ ઉપાદેય

આ બહુ સરસ મૂળ માખણની ગાથા છે. સમ્યગ્દર્શનના વિષયભૂત ઉપાદેય તત્ત્વ શું છે અને હેય તત્ત્વો શું છે તે અહીં સમજાવ્યું છે. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ આ નિયમસાર શાસ્ત્ર રચીને છેલ્લી ગાથામાં કહે છે કે પૂર્વાપર દોષ રહિત જિનોપદેશને જાણીને મેં નિજભાવનાનિમિત્તે નિયમસાર નામનું શાસ્ત્ર કર્યું છે. નિજભાવના-અર્થે રચેલા આ શાસ્ત્રમાં શુદ્ધભાવ-અધિકારમાં દૃષ્ટિના વિષયની બહુ સૂક્ષ્મ વાત કરી છે. અભૂતપૂર્વ એવી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સહજ-શુદ્ધ-પરમ-પારિણામિક-નિજ-કારણપરમાત્મા એક જ સારભૂત તત્ત્વ છે, તે એક જ ખરેખર ઉપાદેય છે અને તે જ ખરેખર 'આત્મા' છે, તે સિવાય જીવાદિ સાત તત્ત્વો બહિર્તત્ત્વ હોવાને લીધે હેય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શનની પર્યાય હેય છે. અરે ! સંવર-નિર્જરા ને મોક્ષ

**તત્ત્વો પણ હોય છે. કેમ કે તેના આશ્રયે 'આત્મા' જણાતો નથી. ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક પર્યાયમાં આત્મા ગમ્ય થવા છતાં તેના આશ્રયે ભૂતાર્થતત્ત્વ ગમ્ય થતું નથી પણ તેનું લક્ષ કરતાં વિકલ્પ ઉઠે છે માટે હેય છે. નિર્મળ પર્યાયને પણ હેય કહીને સારભૂત એક ત્રિકાળી વસ્તુનું લક્ષ કરાવવું છે. નિર્મળ પર્યાય તે પરદ્રવ્ય છે, કેમ કે તેમાંથી નવી પર્યાય આવતી નથી તથા તેના આશ્રયે નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. જેના આશ્રયે નવી નવી નિર્મળ પર્યાય થયા કરે છે એવો 'આત્મા' એક જ સર્વ તત્ત્વોમાં સાર છે, કેમ કે તે સમસ્ત નાશવાન ભાવોથી દૂર છે અને તે સદા જયવંત વર્તી રહ્યો છે. નિત્યનિગોદનો જીવ હો કે સિદ્ધભગવાન હો, જાગતો જીવ-જ્ઞાયકભાવ તો સદાય જયવંત વર્તી જ રહ્યો છે; પણ કોને ?-કે જેણે જ્ઞાયકભાવને ખરેખર ઉપાદેય બનાવીને તેને પ્રતીતમાં લીધો છે કે 'જાગતો જીવ આ ઊભો'-તેને 'સમયસાર' સદા જયવંત વર્તી રહ્યો છે.**

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી. તા. ૩૦–૧–૭૮ ]

**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,**
**-જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮**

આ શુદ્ધભાવ–અધિકાર છે, શુદ્ધભાવ એટલે ?–કે પુણ્ય–પાપના અશુદ્ધભાવ રહિત શુદ્ધપર્યાય નહિ પણ ત્રિકાળી શુદ્ધભાવનો અહીં અધિકાર છે. અહીં ત્રિકાળી દ્રવ્યસ્વભાવને શુદ્ધભાવ કહ્યો છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો શુદ્ધભાવ તે અહીં નથી, અહીં તો એ શુદ્ધપર્યાય પણ હેય છે, આશ્રય કરવા લાયક નથી તેમ કહે છે.

નિમિત્ત તો હેય છે, દયા–દાન આદિ ભાવો તો હેય છે પણ ત્રિકાળીના આશ્રયે જે ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક ભાવરૂપ નિર્મળ પર્યાય થાય તેને પણ અહીં હેયમાં નાખી છે એવા ત્રિકાળ શુદ્ધભાવનો આ અધિકાર છે.

આ હેય ને ઉપાદેય એટલે કે છોડવા લાયક શું છે ને આશ્રય કરવા લાયક ઉપાદેય તત્ત્વ શું છે તેનું અહીં કથન છેઃ–

## * જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી *

પુણ્ય–પાપનો ભાવ તે અશુદ્ધ છે, તે બહિર્તત્ત્વ છે પણ અંદર જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય તે પણ બહિર્તત્ત્વ છે, ત્રિકાળી આત્મા તે અંતઃતત્ત્વ છે. ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિકની પર્યાય તે બહિર્તત્ત્વમાં જાય છે. જીવાદિ સાત તત્ત્વો એટલે કે પર્યાય તે બહિર્તત્ત્વમાં જાય છે. તેથી તે આશ્રય કરવા લાયક નથી, તેના આશ્રયે મોક્ષમાર્ગ થતો નથી.

ભાઈ! તારું રૂપ તો ભગવાન સ્વરૂપ છે ને! પરમાત્મસ્વરૂપ તું છો. જિનસ્વરૂપ જ આત્મા છે, વીતરાગ અકષાયમૂર્તિ જ આત્મા છે, તેને પરમ પારિણામિકભાવ કહો કે એકરૂપ ભાવ કહો, અહીં તેને શુદ્ધભાવ કહેવામાં આવે છે. તેનાથી જીવાદિ સાત બાહ્યતત્ત્વો ભિન્ન છે. નિમિત્ત આદિ તો ભિન્ન છે જ પણ રાગાદિ અશુદ્ધભાવ છે તે બહિર્તત્ત્વ છે અને પૂર્ણસ્વરૂપના આશ્રયે જે વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ તે પણ પર્યાય હોવાથી બહિર્તત્ત્વ છે ને બહિર્તત્ત્વ છે તે હેય છે.

સાત તત્ત્વ કહીને પુણ્ય–પાપને આસ્રવમાં ગણીને સંવર–નિર્જરા–મોક્ષરૂપ સાતે તત્ત્વો પરદ્રવ્ય હોવાથી ખરેખર ઉપાદેય નથી તેમ કહે છે. ક્ષાયિક સમકિત હો કે કેવળજ્ઞાન હો, મોક્ષતત્ત્વની પર્યાય હો, પણ તે જીવાદિ બહિર્તત્ત્વમાં જાય છે. તેથી પરદ્રવ્ય છે. પરદ્રવ્ય કેમ?–કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી પર્યાય થતી નથી તેમ પોતાની નિર્મળ પર્યાયમાંથી નવી નિર્મળ પર્યાય ઉત્પન્ન થતી નથી અને તેના આશ્રયે પણ નવી નિર્મળ પર્યાય ઉત્પન્ન થતી નથી તેથી તેને પરદ્રવ્ય કહેલ છે.

આવું સમજવાથી ધર્મ થાય?–આવું સમજ્યા વિના તત્ત્વ પકડવામાં નહિ આવે. જેમ સકરકંદ સાકરની મીઠાશનો કંદ છે તેમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે, તે સ્વદ્રવ્ય છે અને તે સિવાય ક્ષાયિક આદિ કોઈપણ પર્યાય હો પણ તેને બહિર્તત્ત્વમાં અહીં નાખેલ છે, કેમ કે તેના આશ્રયથી લાભ થતો નથી. પર્યાય પોતે લાભરૂપ છે પણ તેના આશ્રયે લાભ થતો નથી તેથી તેને બહિર્તત્ત્વમાં નાખેલ છે.

ઇન્દ્રોની હાજરીમાં ને ગણધરો ને સંતોની સભામાં ભગવાનની વાણીમાં આ આવ્યું છે કે જીવાદિ સાત તત્ત્વો પરદ્રવ્ય હોવાથી હેય છે, ઉપાદેય નથી. ક્ષાયિક પર્યાય પણ હેય છે કેમ કે તે પરદ્રવ્ય છે. ત્રિકાળી માત્ર સ્વદ્રવ્ય છે, તે ઉપાદેય છે અને ક્ષાયિક પર્યાય બહિર્તત્ત્વ હોવાથી પરદ્રવ્ય કહીને હેય છે તેમ કહ્યું છે. ભગવાન ત્રિકાળી સ્વદ્રવ્ય સિવાય જે જીવાદિ સાત તત્ત્વો–પર્યાય તે પરદ્રવ્ય હોવાથી ખરેખર ઉપાદેય નથી.

કેવળજ્ઞાન તો સાધકને છે નહીં પણ સાધકને તે પર્યાયનું લક્ષ કરવા લાયક નથી તેથી પરદ્રવ્ય કહીને ઉપાદેય નથી તેમ કહ્યું. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે ભાવલિંગ તે પણ આત્મા નથી. સમ્યગ્દર્શન વિના રાગની ક્રિયાને ઉપાદેય માને છે તે તો મહા વિરુધ્ધ છે, તેનાથી વીતરાગતા નહીં ઉત્પન્ન થાય. અહીં તો કહે છે કે નિજસ્વરૂપના આશ્રયે જે વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ તે આશ્રય કરવા લાયક નથી તેથી તે ઉપાદેય નથી.

## * સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ *

મુનિ કેવા હોય ?–કે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ હોય છે. મુનિ સ્વભાવિક વૈરાગ્યવંત હોય છે. પરદ્રવ્યથી પરાન્મુખ હોય છે. સ્વદ્રવ્યમાં જે પર્યાયના ભેદ પડયા તે પરદ્રવ્ય છે તેથી તેનાથી મુનિ પરાન્મુખ હોય છે. પહેલા જીવાદિ સાત તત્ત્વોને પરદ્રવ્ય કહ્યાં, તેનાથી સમ્યગ્દ્રષ્ટિ અને મુનિરાજ પરાન્મુખ છે. સ્વદ્રવ્યની સન્મુખ છે ને પરદ્રવ્યની પરાન્મુખ છે. સંવર–નિર્જરા ને મોક્ષની પર્યાયને પરદ્રવ્ય કહીને પરદ્રવ્યથી પરાન્મુખ છે તેમ કહ્યું, પણ કોણ ?–કે મુનિરાજ અને સમ્યગ્દ્રષ્ટિ જીવ પરદ્રવ્યથી પરાન્મુખ હોય છે. ધ્રુવનું લક્ષ તેઓ ક્યારેય ચૂકતા નથી, ભલે રાગનો વિકલ્પ તેમને હો.

વળી કેવા હોય છે મુનિ ?–કે પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત હોય છે. સમયસાર ગાથા ૩૧ માં પણ કહ્યું છે કે જડ ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય અને તેનો વિષય એ ત્રણે ઇન્દ્રિય છે, તે ત્રણેથી અધિક જે આત્માને જાણે છે તેને જીતેન્દ્રિય જિન કહે છે. મુનિને પાંચ ઇન્દ્રિય તરફનું લક્ષ જ નથી, દેહમાત્ર પરિગ્રહ હોય છે. સૂત્રપાહુડમાં તો કહ્યું છે કે કપડાનો ટૂકડો રાખીને મુનિ માને ને મનાવે તો તેમાં નવેતત્ત્વની ભૂલ હોવાથી નરક–નિગોદમાં રખડશે. અહીં પણ કહે છે કે દેહમાત્ર પરિગ્રહ મુનિને હોય છે. તેમને શુદ્ધભાવનો ઘણો ઉગ્ર આશ્રય હોવાથી પરમ જિનયોગીશ્વર છે.

સમયસાર ગાથા–૬ માં જ્ઞાયક કહ્યો, ૧૧ મી ગાથામાં ભૂતાર્થ કહ્યો તેને જ અહીં શુદ્ધભાવ કહ્યો છે. પર્યાયમાત્રને બહિર્તત્ત્વ કહીને પરદ્રવ્ય કહીને હેય કહી છે. મુનિરાજ પરદ્રવ્યથી પરાન્મુખ છે તથા સ્વદ્રવ્યની સન્મુખ છે. પર્યાયમાત્રને પરદ્રવ્ય કહીને તેનાથી પરાન્મુખ છે તેમ કહ્યું.

પરમ સ્વભાવી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, ભૂતાર્થભાવ, પરમ પારિણામિકભાવ કે જે પર્યાયને સ્પર્શતો નથી, ક્ષાયિકભાવ હો પણ તે વ્યક્ત છે તેને અવ્યક્ત–દ્રવ્ય સ્પર્શતું નથી, તે કારણે પર્યાયમાત્ર દ્રવ્યમાં છે નહિ. સમ્યગ્દ્રષ્ટિનું ધ્યેય જે ધ્રુવ–દ્રવ્યસ્વભાવ, તેમાં ઉદય આદિ ચારેય ભાવો છે નહીં. એક અપેક્ષાએ જયધવલમાં રાગાદિને પારિણામિક

ભાવ કહ્યો છે, પણ પરમ પારિણામિકભાવ તો તેનાથી રહિત છે.

સમ્યગ્દર્શનની તીક્ષ્ણબુદ્ધિ સ્વદ્રવ્યમાં લાગી છે એવા મુનિરાજ પરદ્રવ્યથી પરાન્મુખ છે. ઉપયોગને સૂક્ષ્મ કરીને સૂક્ષ્મ દ્રવ્યસ્વભાવમાં લગાડવો, લગાડવો એટલે કે તે તરફ ઉપયોગ ઝુકાવવો. એવા આત્માને 'આત્મા' ઉપાદેય છે એટલે કે પર્યાયથી જે પરાન્મુખ છે તેને 'આત્મા' ઉપાદેય છે. આ આત્મા છે ને હું તેને ઉપદેય કરું છું એવો ભેદ પણ ત્યાં નથી, ઉપાદેય થઈ જાય છે.

## * ઔદયિકાદિ ચાર ભાવાંતરોથી અગોચર *

પોતાની પર્યાયમાં આત્માને જ્ઞેય બનાવીને જ્ઞાન કરવું ને જ્ઞાન કરીને પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શનની ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય તથા રાગાદિ ઉદયભાવ એ ચારેય ભાવો ભાવાંતર છે એટલે કે જ્ઞાયકભાવથી અનેરાભાવ છે. જ્ઞાયકભાવ તે ભાવ છે ને ચારેય ભાવો તે તેનાથી અનેરા એટલે કે ભાવાંતર છે.

ભાવાંતરનો અર્થ એ કે તેના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. ઉપશમ આદિ ત્રણ ભાવોમાં વસ્તુ ગમ્ય થાય છે પરંતુ ઉદય, ઉપશમ આદિ ચાર ભાવના આશ્રયે વસ્તુ ગમ્ય થતી નથી, કેમ કે ચારેય ભાવોને આગળ ૪૧ ગાથામાં આવરણ સહિત કહ્યા છે. નિમિત્તના અભાવની અપેક્ષા આવતી હોવાથી ઉપશમાદિને આવરણ સહિત કહ્યાં છે.

ચાર ભાવથી અગોચર છે તેનો અર્થ એ કે તેના આશ્રયે 'આત્મા' ગોચર થતો નથી. જ્ઞાયકભાવ, નિત્યભાવ તેનાથી ઔદયિક આદિ ચાર ભાવો અનેરા હોવાથી તેના આશ્રયે પંચમ-પારિણામિકભાવ ગોચર થતો નથી. ઔદયિક આદિ ચાર ભાવોને વિભાવભાવ પણ કહ્યાં છે. તેનાથી ગમ્ય નથી તેનો અર્થ? ઉપશમાદિ ત્રણ ભાવોમાં આત્મા જણાય છે પણ તેના લક્ષ વડે-આશ્રય વડે આત્મા જણાતો નથી, તેથી ચાર ભાવોથી અગોચર છે એમ કહ્યું. ઉપશમ આદિ ત્રણ ભાવમાં ગમ્ય થાય છે પણ તેના આશ્રયે ગમ્ય થતો નથી તેથી ચારેય ભાવોથી અગોચર જે કારણપરમાત્મા છે તે દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મથી ભિન્ન છે, તે જ સમ્યગ્દર્શનનો વિષય છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

જેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે એ તો અનાદિ અનંત અપૂર્વ અતીન્દ્રિય સ્વભાવભાવ છે, શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ તેનો સ્વભાવ છે. પંચાસ્તિકાય-ગાથા ૧૭૨ ની ટીકામાં સર્વે શાસ્ત્રોનો સાર વીતરાગતા કહ્યું છે, તો એ વીતરાગતાની પર્યાય ઉત્પન્ન કેમ થાય? એ વાત અહીં કહે છે. ત્રિકાળી સહજ સ્વભાવભાવને ધ્યાનમાં ધ્યેય બનાવતાં

પર્યાયમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ તે વીતરાગતા છે.

## * કારણપરમાત્મા એ જ ખરેખર ‘આત્મા’ છે *

કારણપરમાત્મા એ જ ખરેખર આત્મા છે. નિર્ણય કરે છે પર્યાય, નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય પર્યાય, પણ તેનો વિષય છે કારણપરમાત્મા, તેથી તે જ ખરેખર આત્મા છે. પર્યાયને અભૂતાર્થ કહીને વ્યવહાર કહીને અણાત્મા કહ્યો છે.

કારણપરમાત્મા પ્રભુ ઉપાદેય છે, અતિ આસન્નભવ્ય જીવોને એવા નિજ–કારણ પરમાત્મા સિવાય અન્ય કોઈ ઉપાદેય નથી. પર્યાય કે રાગ કે નિમિત્ત કોઈ ઉપાદેય નથી. નિજ પરમાત્માને જે પર્યાયે ઉપાદેય કર્યો. તે પર્યાયને આત્મા કરતો નથી. અમિતગતિ–આચાર્યદેવના યોગસારમાં આવે છે કે પર્યાયનો દાતા આત્મા નથી, કેમ કે પર્યાય સત્ છે ને સત્‌ને કોઈનો હેતુ નથી. તેથી સમ્યગ્દર્શનની પર્યાય સ્વનો આશ્રય લ્યે છે તે પર્યાયના પોતાના સામર્થ્યથી છે. આત્માનું જેવું સામર્થ્ય છે તેવું શ્રદ્ધા–જ્ઞાનમાં આવે છે પણ તે સમ્યગ્દર્શન–જ્ઞાનની પર્યાયના પોતાના સામર્થ્યથી છે, પરંતુ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે નિજ–પરમાત્મા સિવાય અન્ય કાંઈ ઉપાદેય નથી.

એ જ વાતને વિશેષ દ્રઢ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કેઃ

**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે, જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે, જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે, જે શદ્ધજ્ઞાનનો અવતાર છે, જે સુખસાગરનું પૂર છે અને જે ક્લેશોદધિનો કિનારો છે, તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે. ૫૪.**

## * સર્વ તત્ત્વોમાં જે એક સાર છે. *

ભગવાન નિત્યાનંદપ્રભુ ધ્રુવ કે જે સ્વરૂપ પ્રત્યક્ષ છે, સંવર–નિર્જરા–મોક્ષની પર્યાયથી પણ દૂર છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. પુણ્ય–પાપ આદિ સર્વ તત્ત્વોમાં તે એક જ સાર છે. જે સ્વરૂપ પ્રત્યક્ષ છે તે સર્વ તત્ત્વોમાં–પર્યાયના જે નવ ભેદો છે તેમાં એક જ સાર છે. પુણ્ય–પાપ–આસ્રવ–સંવર–નિર્જરા–બંધ–મોક્ષ એ પર્યાયોમાં ત્રિકાળી તત્ત્વ છે તે સાર તત્ત્વ છે.

પુણ્ય–પાપ આદિ તત્ત્વો તો અનેકપણે છે ને ધ્રુવ એકરૂપ છે, તે સર્વે તત્ત્વોમાં એક જ સાર છે. મોક્ષને પણ સાર ન કહ્યો, અનેક પ્રકારની પર્યાયરૂપ તત્ત્વોમાં એક ધ્રુવતત્ત્વ જ સાર છે. પર્યાય સમીપ હોવા છતાં તે દ્રવ્યથી ભિન્ન છે. સંવર–નિર્જરા

–મોક્ષની પર્યાય અને ત્રિકાળી તત્ત્વ તે સર્વમાં એક ત્રિકાળી તત્ત્વ સારરૂપ છે.

પુણ્ય–પાપ–આસ્રવ–બંધ ને સંવર–નિર્જરા–મોક્ષ તત્ત્વ છે, નથી એમ નથી, પણ તેમાં સારરૂપ તો એક ત્રિકાળી તત્ત્વ જ છે. દ્રવ્ય અને પર્યાય એમ બન્નેને ન માને તેને તો તત્ત્વની ખબર જ નથી. આસ્રવ આદિ, સંવર આદિ ને ત્રિકાળી એમ સર્વ તત્ત્વો છે ખરા, પણ તેમાં સારરૂપ એક જ તત્ત્વ–ત્રિકાળી તત્ત્વ છે. શ્રી સમયસારની ૧૧મી ગાથામાં પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કહી છે, પર્યાયનો અભાવ છે એમ નથી. અહીં પણ 'સર્વ તત્ત્વો' એમ શબ્દ વાપર્યો છે, પર્યાય છે એમ સિદ્ધ કરીને કહ્યું કે તેમાં સાર એક ત્રિકાળી તત્ત્વ જ છે.

અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે, કેમ કે આનંદનું વેદન પરિણતિમાં છે, ત્રિકાળીનું વેદન થતું નથી. તેથી વેદનમાં આવ્યો તે હું–એમ કહ્યું છે. જ્યાં જે આશય હોય તે સમજવો જોઈએ. અહીં સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી–ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે. એ વસ્તુ પોતે ધ્રુવ છે પણ તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે.

## * સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે. *

કોઈ પણ પર્યાય હો, ચાહે તો કેવળજ્ઞાન કે મોક્ષની પર્યાય હો પણ તેની મુદ્દત એક સમયની હોવાથી તે નષ્ટ થવા યોગ્ય છે. સમસ્ત નષ્ટ થવા યોગ્ય છે. સંવરની પર્યાય હો પણ તે નષ્ટ થવા યોગ્ય છે. કેમ કે એક સમયની છે ને! તે અપેક્ષાએ નષ્ટ થવા યોગ્ય છે અને ત્રિકાળી તત્ત્વ તો છે એમ ને એમ સદાય છે. તેથી સમસ્ત નાશવાન ભાવોથી ધ્રુવસામાન્ય વસ્તુ દૂર છે, ભિન્ન છે. દૂર એટલે ક્ષેત્ર ભિન્ન ભિન્ન છે. સહ્યાદ્રિ ને વિંધ્યાચળ પર્વતની જેમ ભિન્ન ભિન્ન ક્ષેત્ર છે એમ નહીં, પણ પર્યાયમાં ધ્રુવ નથી ને ધ્રુવમાં પર્યાય નથી. તેથી નાશવાન ભાવોથી ધ્રુવસામાન્ય વસ્તુ દૂર છે.

ત્રિકાળી ધ્રુવસ્વભાવ સાર છે, તેના આશ્રયે ધર્મ થાય છે, તેની દ્રષ્ટિ કરવાથી ધર્મ થાય છે. એ સિવાય બધું થોથા–વ્યર્થ છે. ન્યાયના ગ્રંથમાં ધર્મી ને ધર્મ બે ભિન્ન છે એમ કહ્યું છે. બન્ને નિરપેક્ષ છે, સત્ છે. અહીં કહે છે કે સમસ્ત નાશવાન ભાવોથી ધર્મી દૂર છે. સંવર અધિકારમાં કહ્યું છે કે વિકારનો પ્રદેશ ભિન્ન છે. ચિદ્‌વિલાસમાં કહ્યું છે કે પર્યાયનું ક્ષેત્ર ને દ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન ભિન્ન છે.

આ શુદ્ધભાવ અધિકાર ચાલે છે. શુદ્ધભાવ એટલે ત્રિકાળી એકરૂપ રહેનાર ધ્રુવ,

તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે. સમ્યગ્દર્શનનો વિષય તે એક જ સાર છે. સમ્યગ્દર્શન પણ પર્યાય છે, તત્ત્વ છે. તેમાં ત્રિકાળી ધ્રુવ સાર છે. પુણ્ય–પાપ ને સંવર–નિર્જરા–મોક્ષ એ પર્યાય છે, તે સર્વેમાં સાર ત્રિકાળી તત્ત્વ એક જ છે. અનુભવ કરવા માટે ત્રિકાળી દ્રવ્ય સાર છે કે જે સમસ્ત નાશવાન પર્યાયથી દૂર છે. પર્યાયમાં ધ્રુવ આવતો નથી, પર્યાયને ધ્રુવ સ્પર્શતો નથી ને ધ્રુવને પર્યાય સ્પર્શતી નથી, તેથી પર્યાયથી ધ્રુવ દૂર છે.

હવે કહે છે કે ત્રિકાળીમાં કામ–વાસનાનો વિકલ્પ તો છે જ નહિ. તેથી દુર્વાર કામને નષ્ટ કર્યો છે તેમ કહ્યું છે. બીજી રીતે ધ્રુવસ્વરૂપના આશ્રયે રાગનો નાશ થયો છે તેથી દુર્વાર કામને નષ્ટ કર્યો છે. ત્રિકાળી આનંદકંદ નિત્યાનંદ પ્રભુના આશ્રયે દુર્વાર કામનો નાશ થાય છે. વળી દયા–દાન આદિ પુણ્ય–પરિણામ અને હિંસા–જૂઠું આદિ પાપ પરિણામ એ રૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે. અર્થાત્ ત્રિકાળીના અવલંબનથી તેનો છેદ થાય છે, તેથી ત્રિકાળી વસ્તુ પાપરૂપી વૃક્ષને છેદનાર કુહાડો છે તેમ કહ્યું છે. દ્રવ્યમાં પુણ્ય–પાપની તો ગંધ નથી અને તેનો આશ્રય કરે છે ત્યાં પુણ્ય–પાપનો નાશ થઈ જાય છે.

ત્રિકાળી દ્રવ્યનો અવતાર શુદ્ધજ્ઞાન જ છે. અવતાર એટલે નવી ઉત્પત્તિ એમ નહીં પણ શુદ્ધજ્ઞાનસ્વરૂપ છે. વિકલ્પથી કે રાગથી રહિત જ છે. ગુણ–ગુણીના ભેદથી રહિત શુદ્ધજ્ઞાનસ્વરૂપ જ છે તથા સુખસાગરનો પૂર છે. વસ્તુ પોતે સુખસાગરનો પૂર છે. વસ્તુમાં સુખસાગરની ભરતી ભરી પડી છે, અતીન્દ્રિય આનંદનો પુંજ પ્રભુ છે તે શુદ્ધભાવ છે, સામાન્યભાવ છે, જ્ઞાયકભાવ છે. તેનો એક સમયમાત્ર અનુભવ થતાં સમસ્ત સંસારનો નાશ થઈ જાય છે.

દુઃખરૂપ સાગરનો કિનારો છે એટલે કે રાગાદિના ક્લેશની વસ્તુમાં ગંધ નથી. ભવ અને ભાવના ક્લેશની ત્યાં ગંધ નથી. તેથી ક્લેશોદધિનો કિનારો જે વસ્તુ છે તે સમયસાર જયવંત વર્તે છે. ત્રિકાળી શુદ્ધાત્મા ત્રિકાળ જયવંત વર્તે છે. પણ કોને ?–કે પર્યાયમાં ત્રિકાળી શુદ્ધાત્મા જણાયો છે તેને ત્રિકાળી શુદ્ધાત્મા જયવંત વર્તી રહ્યો છે. સાદી ભાષામાં બહેનશ્રીનાં વચનામૃતમાં કહ્યું છે કે જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ?–ત્રિકાળી જયવંત વર્તી રહ્યો છે. જેણે પર્યાયમાં જાગતો જીવ જોયો છે તેને જયવંત વર્તે છે એમ ભાન થયું. વસ્તુ ખ્યાલમાં આવ્યા વિના વસ્તુ જયવંત વર્તે છે એમ ક્યાંથી આવ્યું ? જેને પર્યાયમાં દ્રવ્ય–સ્વભાવ ખ્યાલમાં આવ્યો કે તે દ્રવ્ય ત્રિકાળી છે, શુદ્ધ છે, જયવંત છે, તેને વસ્તુ જયવંત વર્તી રહી છે. પરંતુ જેને વસ્તુ ખ્યાલમાં આવી નથી તેને તો રાગ જયવંત વર્તે છે, પર્યાયમાં અનુભવ થયો, ધ્યાનમાં ધ્યેય બનાવીને પ્રતીતિ થઈ ત્યારે તેને શુદ્ધ આત્મા જયવંત વર્તી રહ્યો છે.

# આત્મભાવના

[ મુખપૃષ્ઠના પાઠ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી તા. ૨૪–૧–૭૮ ]

સમયસાર વાંચીને કરવાનું શું ?–સમયસારમાં બંધ–અધિકારમાં બંધના નાશને અર્થે સમયસાર વાંચવું એમ કહ્યું છે તથા સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર પછી પણ આ 'આત્મભાવના' આપી છે અને પરમાત્મપ્રકાશમાં પણ આ 'આત્મભાવના' છેલ્લે છે. બહુ સરસ વાત છે. શાસ્ત્રભ્યાસનો સરવાળો શું ?–તે કહે છે.

શાસ્ત્ર વાંચીને કરવાનું તો આ છે, આત્મભાવના કરવી. શું ?–કે ત્રિકાળી જ્ઞાનાનંદ સહજ સ્વભાવી તે હું છું. શ્રીમદ્‌રાજચંદ્રમાં પણ આવે છે કે 'આત્મભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'–તે આ આત્મભાવના. સ્વભાવિક જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ તે હું છું પણ ભેદ તે હું નહીં. રાગ તો હું નહીં પણ ભેદ પણ હું નહીં, હું તો સ્વભાવિક સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો સ્વભાવ છે એવો એક છું. શાસ્ત્ર વાંચીને કરવાનું તો આ છે. ચારે અનુયોગનો સાર આ છે. કેવો છે જ્ઞાનાનંદ ?–કે સ્વભાવિક સહજ શુદ્ધ જ્ઞાનાનંદ છે, કૃત્રિમ નથી. પરના કરવાવાળો તો નથી પણ રાગવાળો છું તેમ પણ નથી. અરે ! પર્યાયવાળો છું તેમ પણ નથી. શ્રી સમયસારની ૩૨૦ ગાથાની શ્રી જયસેનાચાર્યકૃત ટીકામાં આવે છે કે ધ્યાતા પુરુષ એમ ધ્યાવે છે કે 'જે સકલનિરાવરણ – અખંડ – એકપ્રત્યક્ષપ્રતિભાસમય – અવિનશ્વર – શુદ્ધ – પારિણામિકપરભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે હું છું,' પરંતુ એમ નથી ધ્યાવતા કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.'

આ તો ઊંચામાં ઊંચી વાત છે. સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ છે તે હું છું. વિકલ્પ હું છું એવી વાત નથી. જ્યાં પરિપૂર્ણ વસ્તુ અને તેનો પરિપૂર્ણ સ્વભાવ એવા ભેદ પણ નથી એવો હું એક છું. સ્વભાવિક એટલે કૃત્રિમ નહીં, નાશવાન નહીં, અને તે પણ શુદ્ધ કેમ કે સ્વભાવિક હોય તે શુદ્ધ જ હોય. તે એક જ ઉપાદેય છે, તે સિવાય બીજું હેય છે.

પાઠમાં સહજ જ્ઞાનાનંદ શબ્દ છે તેને અહીં સહજ જ્ઞાન ને આનંદ એમ ભેદ

પાડીને સમજાવ્યું છે કે જ્ઞાન ને આનંદ જેનો સ્વભાવ છે એવો એક સ્વભાવી છું–એમ વર્તમાન જ્ઞાનની પર્યાય દ્વારા જ્ઞાન કરીને પ્રતીતિ કરવી તે કરવાનું છે.

હું નિર્વિકલ્પ છું. હું એક છું કહેતા નિર્વિકલ્પ આવી ગયું પણ વિશેષ સમજાવે છે કે વિકલ્પથી રહિત એટલે કે ભેદથી રહિત નિર્વિકલ્પ અભેદ વસ્તુ હું છું–એવી અંતરમાં દ્રષ્ટિ થવી, પરિણમન થવું તેને સમ્યગ્દર્શન ને આત્મભાવના કહેવામાં આવે છે. હું અભેદ છું, પર્યાયનો ભેદ તે પણ સ્વરૂપ–એકતામાં નથી. હું તો આવો છું ને સર્વ જીવ ત્રણેકાળ ને ત્રણલોક આવા છે એમ આગળ કહેશે.

અવ્યક્તના પાંચમાં બોલમાં પણ એમ કહ્યું છે કે એક સમયની પર્યાયમાં દ્રવ્ય ને પર્યાય બન્નેનું જ્ઞાન થયું છે પણ દ્રષ્ટિમાં તો એક દ્રવ્યસ્વભાવ છે આવી ભાવના કરનારી છે પર્યાય, પણ પર્યાય એમ કહે છે કે ખંડજ્ઞાન હું નથી, હું તો અખંડ છું–ધર્મીની એક સેકન્ડમાત્ર પણ ત્યાંથી દ્રષ્ટિ ખસતી નથી.

હું અભેદ છું, ‘निर्विकल्पो अहम्’ એમ પાઠ છે. વિકલ્પ–ભેદ નથી એ તો નાસ્તિથી વાત છે તેથી તે ન લીધી પણ હું નિર્વિકલ્પ છું એમ કહ્યું. હું ઉદાસીન છું. આહાહા! આવી ચીજ સમજવા બધા આગ્રહ છોડવા જોઈએ, અમે જાણીએ છીએ એવા અભિમાન છોડવા જોઈએ. હું ઉદાસીન છું. મારી બેઠક ધ્રુવમાં છે. મારું આસન ધ્રુવ છે. પરથી તો હું ઉદાસ છું પણ પર્યાયથી પણ ઉદાસ છું.

અરે! આવી વાત સાંભળવા ન મળે તેના દુઃખ કેમ ટળશે?–એના દુઃખો જોનારાને આંસુ વહી ગયા એવા દુઃખ તેં ભોગવ્યા, એ મિથ્યાત્વના ફળ છે. ભાઈ! તું ભુલી ગયો છે, એ દુઃખ તોડવાની આ વાત છે. હું ધ્રુવમાં બેસનારો છું. મારી બેઠક પૂર્ણાનંદના નાથમાં છે, તે મારું અસ્તિત્વ છે, પર્યાયથી પણ હું ઉદાસીન છું.

આવા શાસ્ત્રને ભણીને બંધના નાશને માટે કરવાનું તો આ છે. બીજાને સમજાવતા આવડે–ન આવડે તેનું કાંઈ પ્રયોજન નથી. હું નિજ નિરંજન શુદ્ધ આત્મા છું, અંજન–મેલ મારામાં નથી. આનંદકંદ પ્રભુ છું. ભગવાન આત્માના સ્વભાવને મેલ શા? એ તો પર્યાયને અંજન છે, વસ્તુને અંજન શા? એ તો ઊણપ વિનાનો, આવરણ વિનાનો શુદ્ધ આત્મા છે. તેની સમ્યક્ શ્રદ્ધા કરવી એ જ્ઞાનીની આજ્ઞા છે. અમને પણ માનવું છોડી દે ને તારી પર્યાયને પણ માનવું છોડી દે, પણ નિજ નિરંજન શુદ્ધાત્માની સમ્યક્ શ્રદ્ધા–કરવી એમ જ્ઞાનીની આજ્ઞા છે. છ–દ્રવ્યની શ્રદ્ધા કે દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધા એમ ન કહેતાં નિજ નિરંજન શુદ્ધાત્માની શ્રદ્ધા કરવી એનું નામ શ્રદ્ધા છે.

પરનુ કે દેવ–શાસ્ત્ર–ગુરુનું જ્ઞાન તે જ્ઞાન નથી પણ નિજ નિરંજન શુદ્ધાત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. નિજ નિરંજન શુદ્ધ આત્માનું અનુષ્ઠાન તે સમ્યક્ચારિત્ર છે. ચરણાનુયોગના વ્યવહાર–આચરણ તે સમ્યક્ચારિત્ર નથી. મહાવ્રતાદિ તે આત્માનું ચારિત્ર નથી. આકરું લાગે પણ ભાઈ ભવના અંત માટેનો આ ભવ છે. ભવના છેડા માટેની આ વાત છે. અત્યારે નહીં સમજે–'ટાણા આવ્યા છે ને નહીં સમજે' –તો ક્યારે સમજશે? ન સમજે તો એ તો ઢોર સમાન છે.

નિજ નિરંજન શુદ્ધ આત્માની સમ્યક્, શ્રદ્ધા, સમ્યક્ જ્ઞાન ને સમ્યક્ અનુષ્ઠાન તે રૂપ નિશ્ચયરત્નત્રય છે, એ નિશ્ચયરત્નત્રયનું પરિણમન તે નિર્વિકલ્પ સમાધિ છે. આધિ –વ્યાધિ–ઉપાધિ રહિત સમાધિ છે. સંયોગ નથી, રોગ નથી ને સંકલ્પ–વિકલ્પ નથી એવી નિર્વિકલ્પ સમાધિ છે. ર્નિવિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ સુખની અનુભૂતિ માત્ર નિશ્ચયરત્નત્રય હોય છે. રાગરહિત સ્વભાવિક આનંદરૂપ સુખનો અનુભવ તે નિશ્ચયરત્નત્રયનું સ્વરૂપ છે.

વીતરાગી સહજાનંદરૂપ સુખ એ વીતરાગી પર્યાય છે અને નિશ્ચયરત્નત્રય એ વીતરાગી પર્યાય છે. સ્વભાવિક આનંદની સુખાનુભૂતિમાત્ર જેનું લક્ષણ એવા સ્વસંવેદન જ્ઞાન વડે સ્વસંવેદ્ય છું. એવા સ્વ વડે એટલે પોતાના વડે–આનંદના વેદન વડે–વીતરાગી સહજાનંદ સુખના વેદન વડે પોતાથી વેદવાગમ્ય છું, નિર્વિકલ્પ સમાધિથી ગમ્ય છું.

'આત્મભાવના'–તેમાં બે શબ્દ છે, આત્મા એટલે ત્રિકાળી શુદ્ધ તેમાં રહેવું તેનું નામ ભાવના. એ આત્મા પોતાથી વેદવા યોગ્ય છે. એટલે કે દેવ–ગુરુ નિમિત્ત હો પણ તેનાથી જણાય એવો નથી. પોતે પોતાથી પ્રત્યક્ષ વેદન–અનુભવ કરે તેનાથી તે ગમ્ય છે. દેખનારને દેખે તો દેખાય, પરને દેખીને પરમાં ઊભો છે તે તેનું વસ્તુ સ્વરૂપ નથી.

બાહ્ય વ્રત–તપ–જપ અને શાસ્ત્ર અભ્યાસ અનેકવાર કર્યા પણ સ્વસંવેદનથી આત્માને જાણવાનો અનુભવ કોઈ દિ' કર્યો નહીં, તેથી તે વિના તેના ભવના અંત ન આવ્યા. અનંતવાર દ્રવ્યલિંગ ધાર્યા તોપણ ચારગતિમાં રખડયો. શુદ્ધ ચૈતન્ય આનંદકંદ દ્રવ્યસ્વભાવ કે જે પરિપૂર્ણ જ્ઞાન ને આનંદસ્વરૂપ ભગવાન છે તે સ્વસંવેદનથી ગમ્ય છે ને સ્વસંવેદનથી તેની પ્રાપ્તિ થાય છે. સ્વસંવેદનથી ગમ્ય છે તેથી તે સ્વસંવેદનથી પ્રાપ્ય છે.

પહેલા આવો નિર્ધાર તો કર! બાકી શાસ્ત્ર અભ્યાસ ને દ્રવ્યલિંગ તો અનંતી

વાર કર્યા. બહારના પાપની વાત તો ક્યાંય રહી, પુણ્ય પરિણામ પણ અનંત વાર કર્યા. પરના આશ્રયે તે પ્રાપ્ત થાય એવો નથી. વર્તમાન જ્ઞાન–અવસ્થાને અંતરમાં વાળતાં તે જણાય ને તેનાથી પર્યાયમાં આત્માની પ્રાપ્તિ થાય. અનંતકાળથી પર્યાયમાં રાગની ને પર્યાયની પ્રાપ્તિ છે તેના બદલે હવે આત્માની પ્રાપ્તિ થાય.

રાગ કે નિમિત્ત તો મારામાં નથી પણ અપૂર્ણતા પણ મારામાં નથી એવો ભરિતાવસ્થ હું છું. રાગ–દ્વેષ–મોહ એટલે કે દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાનો રાગ તેનાથી રહિત છું ; તો તે રાગથી હું કેમ જણાઉં ? પ્રતિકૂળતામાં દ્વેષ, તેનાથી પણ રહિત છું. જાણનાર પણ પોતે, જણાનાર પણ પોતે એવો હું છું–એમ અનુભવ થતાં સમ્યગ્દર્શન જ્ઞાન ને શાંતિ થાય છે, એ સિવાય તો ચારે ગતિમાં અશાંતિ અશાંતિ છે. મોહ એટલે કે પરદ્રવ્યમાં સાવધાની, તેનાથી રહિત છું. ક્રોધ–માન–માયા–લોભથી પણ હું રહિત છું. ક્યાં લઈ જવો છે ?–કે ધ્રુવધામમાં લઈ જવો છે, ત્યાં જવું છે.

મિથ્યાત્વનું મંદપણું ને અનંતાનુબંધનું મંદપણું તો અભવીને પણ થાય છે, એ કોઈ વસ્તુ નથી એટલે કે એ મિથ્યાત્વ ટાળવાનો ઉપાય નથી. જેવો છે તેવો જાણવામાં આવે તો મિથ્યાત્વ ટળે. ત્રણેકાળે ને ત્રણેલોકમાં સર્વ જીવ આવા છે, બીજા જીવો પણ આવા જ છે. પોતે પોતાને શુદ્ધ સ્વરૂપે અનુભવતાં બધા જીવોને આવા જ જાણે છે.

ભગવાનની વાણીને ૩૧ મી ગાથામાં ઇન્દ્રિય કહી છે ઇન્દ્રિય દ્વારા અણઇન્દ્રિય જણાય નહીં, કેમ કે પાંચ ઇન્દ્રિયોના વિષયના વ્યાપારથી પ્રભુ રહિત છે. આવી વાત છે પણ નવરાશ ન મળે, સાંભળવા ને વિચારવા વખત પણ ન મળે ! અરેરે ! ભગવાન તું પરિપૂર્ણ છો તેવી પ્રતીતિ લાવ ભાઈ ! દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા એ તો રાગ છે, તેનાથી પાર, શુદ્ધ અતીન્દ્રિય આનંદનો પિંડ ભગવાન છે. તે મન–વચન–કાયાથી તો મળે તેવો નથી, દ્રવ્યકર્મ–નોકર્મથી મળે તેવો નથી પણ પુણ્યના ભાવથી પણ મળે તેવો નથી. કેમ કે ભાવકર્મથી રહિત આત્મા છે. ભાવકર્મ એટલે વિકલ્પની વૃત્તિ, ભલેને ભગવાનના સ્મરણની કે વાંચન આદિની વૃત્તિ હોય પણ તે ભાવકર્મ છે, વિકાર છે, તેનાથી પ્રભુ ભિન્ન છે. વસ્તુ છે, જેની અસ્તિ છે, હૈયાતી ધરાવતું જે આત્મતત્ત્વ છે, તે દ્રવ્યકર્મથી ભિન્ન છે. ભાવકર્મથી ભિન્ન છે અને બાહ્ય નિમિત્તો જે નોકર્મ તે બધાથી ભિન્ન છે.

વળી મારી ખ્યાતિ થાઓ કે મને કોઈ ગણતરીમાં લે એવી પ્રસિદ્ધિ આદિની

આકાંક્ષાથી રહિત છે તેને આત્મા કહેવામાં આવે છે. પૂજ્યપણાની આકાંક્ષાથી રહિત છે. કોઈ પણ પ્રકારના લાભની આકાંક્ષાથી રહિત છે. તેમજ જે દેખાવામાં આવે છે સાંભળવામાં આવે છે ને ભોગવવામાં આવે છે એવા ભોગોની આકાંક્ષાથી રહિત છે. ભોગની આકાંક્ષાના નિદાનથી રહિત પ્રભુ છે.

બાહ્યથી કાંઈ લાભ થાય કે વ્યવહારથી નિશ્ચય પમાય એવા જે મિથ્યાશલ્ય ઇત્યાદિરૂપ એટલે કે કોઈ પણ પ્રકારના ઊંડા ઊંડા નિદાન–માયા–મિથ્યાત્વ શલ્યરૂપ સર્વે વિભાવથી શૂન્ય છું. એવા વિભાવ પરિણામ રહિત–શૂન્ય છું. સૂક્ષ્મ વિકલ્પના વિભાવમાં અભ્યાસને લઈને ટેવાઈ જવાથી વિભાવને પોતાનો માન્યો છે પણ વસ્તુમાં તે નથી. કેમ કે ચૈતન્ય દીવો છે તેમાં વિભાવ–અંધકાર નથી. વિભાવ છે તે અંધકાર છે, તે જાણતાં નથી. તેમા ચૈતન્યનો અંશ નથી. વિભાવને વ્યભિચારી–સંયોગીભાવ કહ્યો છે. આ તો સમ્યક્ એકાંતની વાતો છે. વિભાવ પરિણામથી તો શૂન્ય છું, તો વિભાવથી લાભ થાય એ ક્યાં રહ્યું? વિભાવનો અંશ પણ આત્મામાં નથી. આવો ભગવાન આત્મા પોતે પોતાની નિર્મળ પર્યાય દ્વારા પ્રાપ્ત થઈ શકે તેવો છે. એ સિવાય અબજો રૂપિયાના દાન કરે કે ૧૧ અંગ ને ૯ પૂર્વના અભ્યાસ કરે–પણ એ તો અનંતવાર કર્યું , છતાં કાંઈ આત્મા હાથ ન આવ્યો.

વિભાવ પરિણામથી શૂન્ય છે, ક્યારે?–કે ત્રણેકાળ ને ત્રણેલોકમાં. અરે! જે અનંત કાળમાં ત્રસપણું પણ પામ્યો નથી ને ભવિષ્યમાં પણ ત્રણપણું પામશે નહીં એવા નિગોદનો જીવ પણ વિભાવના પરિણામથી શૂન્ય સ્વભાવે છે. પર્યાયમાં ભલે ગમે તે પ્રકાર હો પણ જે શુદ્ધ જીવ છે એ તો આવા જ છે. ત્રણે કાળ ને ત્રણે લોકમાં જે જીવ છે તે આવા જ છે, એટલે કે વિભાવ પરિણામથી શૂન્ય શુદ્ધ જીવ છે. વર્તમાન કાળે શુદ્ધ કે ભવિષ્યમાં થશે ત્યારે શુદ્ધ છે એમ નહીં પણ ત્રણે કાળે ભગવાન સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મા છે. ભલે પછી પાંચમો કે છઠ્ઠો આરો હો ને ભલે પછી કસાઈ થઈને ગાયોને કાપતો હોય પણ અંદર જે આત્મા છે તે આવો ભગવત્ સ્વરૂપ શુદ્ધ છે. પર્યાયમાં ગમે તેવા પરિણામ થયા પણ ભગવાન છે તે તેમાં આવતો જ નથી. કઈ દ્રષ્ટિએ? –પર્યાયદ્રષ્ટિએ નહીં હો! શુદ્ધ નિશ્ચયનયની દ્રષ્ટિએ ત્રિકાળ આનંદકંદપ્રભુ છે અને તે જ ભૂતાર્થ છે.

ત્રણે કાળ અને ત્રણે લોકમાં શુદ્ધ નિશ્ચયનયે એકલો જ્ઞાનરસ ને આનંદકંદ પ્રભુ હું છું. આવો છું એવી દ્રષ્ટિ તે આત્મભાવના છે. હું આવો છું તથા બધાય જીવો ભગવત્ સ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ બધા જીવો છે. વસ્તુ તરીકે બધા જીવો આવા છે, આવા આત્માને અનુભવવો તેનું નામ સમ્યગ્દર્શન–જ્ઞાન ને તેમાં ઠરવું તે ચારિત્ર છે. એ રીતે મન–વચન–કાયાથી ને કૃત–કારિત–અનુમોદનાથી બધાય જીવો આવા છે એમ નિરંતર એટલે કે અંતર પાડ્યા વિના આ ભાવના કરવા લાયક કર્તવ્ય છે. એ સિવાય કાંઈ કરવા લાયક માને તે આત્માનો અનાદર છે.

હે જગતના જીવો !

# જ્ઞાનાનંદાત્મક નિજ પરમાત્માને આજે જ પ્રાપ્ત કરો જ.

**ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત શ્રી પ્રવચનસારની ૨૭૫ ગાથાની ટીકા પૂર્ણ કરીને ટીકાકાર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્ય મહારાજ પરિશિષ્ટરૂપે આત્મા કોણ છે-કેવો છે અને તેની પ્રાપ્તિની વિધિ શું તે કહે છે. તેમાં પ્રથમ ૪૭ નય દ્વારા આત્મા કેવો છે તે બતાવીને અહીં આત્મપ્રાપ્તિની વિધિ સમજાવે છે.**

**અનાદિથી આ આત્મા મિથ્યાત્વના લઈને, વર્તમાન જ્ઞાનની પરિણતિમાં નિમિત્ત-જ્ઞેયભૂત પદાર્થોમાં મૈત્રી કરી રહ્યો હોવાથી, મોહભ્રમણાને કારણે આત્મવિવેક શિથિલ થવાથી તેને આત્મપ્રાપ્તિ દૂર રહી. તે જ આત્મા જ્યારે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા પૂર્વક અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરે છે એટલે કે પર તરફના રાગ-દ્વેષરૂપ દ્વૈતભાવથી ખસીને જ્ઞાનાનંદ આત્માની એકાગ્રતાપૂર્વક જ્ઞાનપરિણતિ પ્રચંડ કરવાથી અનાદિના મિથ્યાત્વને દૂર કરે છે ત્યારે અનંતકાળમાં પૂર્વે નહીં અનુભવેલા એવા અપૂર્વ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માને જરૂર પ્રાપ્ત કરે છે.**

**[ શ્રી પ્રવચનસાર-પરિશિષ્ટ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી તા. ૧૧-૧-૭૮ ]**

## * આત્મ-અપ્રાપ્તિનું કારણઃ આત્મ-અવિવેક *

પ્રથમ તો આત્મા પર તરફના લક્ષે મિથ્યાત્વ ને રાગાદિભાવ અનાદિથી કરે છે તેમાં મોહકર્મ નિમિત્ત છે, એવા મોહભાવના વડે-મિથ્યાત્વભાવ વડે આત્મપરિણામ ચક્કર ખાય છે એટલે કે એકરૂપ પરિણતિ રહેતી નથી પણ ભિન્ન ભિન્ન પ્રકારે પરિણતિ ઘૂમરી ખાય છે, તેથી મિથ્યાત્વભાવને લીધે આત્મા પોતામાં ક્ષુબ્ધ થાય છે.

પોતાની પરિણતિમાં મિથ્યાત્વભાવ થાય છે તેમાં મોહકર્મ નિમિત્ત થાય છે

અને જાણવાની જે પ્રગટ અવસ્થા છે તેમાં બાહ્ય પદાર્થ નિમિત્ત છે, તેથી નિમિત્ત પ્રત્યે પ્રેમ વર્તે છે. આત્માની પર્યાયને પર પદાર્થ નિમિત્ત હોવાથી જે નિમિત્ત–જ્ઞેય છે તેના પ્રત્યે મૈત્રી અને પ્રેમ વર્તે છે. સ્ત્રી–પુત્ર–કુટુંબ–પરિવાર–શરીર–વાણી–મન ને દેવ–શાસ્ત્ર –ગુરુ આદિ પ્રત્યે પ્રેમ વર્તે છે. જેમ સમુદ્ર પોતાનામાં ક્ષુબ્ધ થાય છે તેમ આત્મા પોતામાં મોહપણે પરિણમે છે તેમાં મોહકર્મ નિમિત્ત થાય છે અને જાણનારી જે પ્રગટ પર્યાય છે તેમાં જે પરવસ્તુ નિમિત્ત છે તેમાં પ્રેમ વર્તે છે, તેથી આત્મા–મિથ્યાત્વભાવને લઈને પોતામાં ક્ષુબ્ધ થાય છે.

જાણનારી જે પ્રગટ પર્યાય છે તેમાં પર પદાર્થો નિમિત્ત માત્ર છે છતાં તેમાં પ્રેમ વર્તે છે કે આ જ્ઞેય છે તો મને જાણવું થયું. જ્ઞાનમાં જ્ઞેયો જાણવા લાયક છે તેને બદલે જ્ઞેયોમાં પ્રેમ કરે છે તેથી આત્મવિવેક શિથિલ થયો છે એટલે કે આત્મવિવેક વિપરીત થયો છે, કેમકે જે આત્મા છે ત્યાં પ્રેમ કરવાને બદલે જાણવાની પ્રગટ પર્યાયમાં જે નિમિત્ત પર પદાર્થો છે તેમાં પ્રેમ કરે છે, તેથી વિવેક વિપરીત થઈ ગયો છે.

નિમિત્ત તે મારું મિત્ર છે કેમ કે નિમિત્ત છે તેથી મને જ્ઞાન થાય છે, શાસ્ત્ર છે તો જ્ઞાન થાય છે–એમ નિમિત્તમાં મૈત્રી વર્તે છે. જ્ઞાન જ્ઞાનથી થયું છે તેમ ન માનતા જ્ઞાન નિમિત્તથી થયું છે–એમ માની નિમિત્ત પ્રત્યે મૈત્રી પ્રવર્તે છે. આત્માની પ્રાપ્તિ બતાવતાં પહેલાં અપ્રાપ્તિ કેમ છે તે બતાવે છે. આત્મામાં અનંત આનંદ હોવા છતાં તેની દશામાં દુઃખ કેમ છે તે પ્રથમ બતાવે છે.

પોતાના જ્ઞાયકસ્વભાવમાં મૈત્રી હોવી જોઈએ તેને બદલે પર પદાર્થો નિમિત્ત છે તેમાં પ્રેમ વર્તે છે, ત્યાં રોકાઈ ગયો છે. જાણવાની પર્યાયમાં બાહ્ય પદાર્થ નિમિત્ત હોવાથી તેમાં મૈત્રી થવાથી આત્મવિવેક શિથિલ એટલે કે વિપરીત થયો છે, તેથી પોતાના આત્મા પ્રત્યે દ્વેષ વર્તે છે. સચ્ચિદાનંદપ્રભુ નિરંજન નિરાકાર આત્મા કે જે જ્ઞાન લક્ષણ વડે લક્ષિત થનારો છે તેને ભૂલીને જ્ઞાનની પર્યાયમાં જે જ્ઞેયો નિમિત્ત છે તે જાણવા લાયક છે તેમ ન જાણતાં પર પદાર્થોમાં–નિમિત્તોમાં મૈત્રી કરે છે તેથી સ્વભાવ પ્રત્યે વિપરીતતા વર્તે છે, દ્વેષ વર્તે છે.

એ રીતે આત્મવિવેક વિપરીત થયો હોવાને લીધે જીવે એકરૂપ જ્ઞાતાપણે રહેવું જોઈએ તેને બદલે રાગ–દ્વેષરૂપ દ્વૈતપણે પરિણમે છે. જ્ઞાનમાં જે પર પદાર્થો

નિમિત્ત છે તેમાં મૈત્રી વર્તવાથી, આત્મવિવેક વિપરીત થવાથી, રાગ–દ્વેષરૂપ દ્વૈતપણે પરિણમે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક હોવાથી જ્ઞાતાપણે એકપણે પરિણમવું જોઈએ તેને બદલે આત્મવિવેક વિપરીત થવાથી રાગ–દ્વેષરૂપ દ્વૈતપણે પરિણમતો હોવાથી આત્મપ્રાપ્તિ દૂર થઈ છે.

જ્ઞાનમાં દેવ–શાસ્ત્ર–ગુરુ કે સ્ત્રી–પુત્ર–પરિવાર નિમિત્ત છે તેમ ન માનતાં મોહથી જ્ઞેયભૂત પર પદાર્થોમાં મૈત્રી કરવાથી, વિવેકની વિપરીતતાથી, પરજ્ઞેયોમાં રાગ–દ્વેષરૂપ દ્વૈતપણે પરિણમવાથી, તેને આત્મા દૂર જ રહ્યો છે. શિષ્યનો પહેલાં પ્રશ્ન એમ હતો કે આત્મા કેવો છે ને કેમ પ્રાપ્ત થાય છે?–તો તેના ઉત્તરમાં આ બધી વાત ચાલે છે. તેમાં પહેલાં તો એમ કહ્યું કે અનંતા ધર્મોને ધારણ કરનાર ધર્મી આત્મા છે. પછી તે ધર્મો કેવા છે તે માટે ૪૭ નયનું વર્ણન કર્યું. એવા અનંત નયોનો સમૂહ જે શ્રુતજ્ઞાનપ્રમાણ તેના વડે આત્મા જણાય છે. પછી કહ્યું કે એક નય વડે જુઓ કે શ્રુતજ્ઞાન વડે જુઓ તો આત્મા શુદ્ધ ચૈતન્ય માત્ર જણાય છે. ત્યારે હવે એ આત્મા કેમ પ્રાપ્ત થાય તેની વિધિ બતાવતાં પ્રથમ આત્મા કેમ પ્રાપ્ત થયો નહીં તે અહીં બતાવ્યું છે.

## * પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડ *

જ્ઞપ્તિની વ્યક્તિમાં જે બાહ્ય પદાર્થો નિમિત્ત છે તેમાં મૈત્રી વર્તવાના કારણે આત્માનો વિવેક વિપરીત થઈ ગયો હોવાથી જ્ઞાતા–દ્રષ્ટાના એકરૂપ પરિણમનને બદલે રાગ–દ્વેષરૂપ દ્વૈત પરિણતિ થવાથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે–એમ કહીને હવે આત્મપ્રાપ્તિ કેમ થાય તે કહે છે કે હવે જ્યારે આ જ આત્મા 'પ્રચંડ કર્મકાંડ વડે'–એમ કહીને અહીં જ્ઞાનની પ્રધાનતા હોવાથી રાગની મંદતાને બતાવવા આ એક શબ્દ વાપર્યો છે, કેમ કે રાગની મંદતા નિમિત્ત છે, સમ્યગ્દર્શન પહેલાં સાચા દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધા હોય છે, તેથી તે વિકલ્પથી નિર્વિકલ્પ થાય છે તેમ વ્યવહારનું કથન છે.

જે આત્મા ઊંધો પડયો હતો તે જ આત્મા પ્રચંડ કર્મકાંડ વડે એટલે કે સુદેવ–સુશાસ્ત્ર–સુગુરુની પ્રચંડ શ્રદ્ધા વડે એમ કહીને આત્મપ્રાપ્તિમાં નિમિત્ત સુદેવ–સુશાસ્ત્ર–સુગુરુ જ હોય એમ કહ્યું છે, પણ એ કર્મકાંડનો વિકલ્પ છે એ ચેતન નથી, અચેતન છે. પરંતુ પહેલા એ ભાવ હોય છે, તેથી એ ભાવથી જ્ઞાન થયું એમ કહ્યું છે. જો કે કર્મકાંડને છોડીને જ્ઞાન થાય છે, પરંતુ અહીં તો સાચા દેવ–શાસ્ત્ર–ગુરુનું

નિમિત્ત બતાવવાની મુખ્યતાથી આ વ્યવહારનું વચન છે. કર્મકાંડ ન કહેતાં પ્રચંડ કર્મકાંડ કહીને સાચા દેવ–શાસ્ત્ર–ગુરુની દ્રઢ શ્રદ્ધાનો વિકલ્પ હોય છે તેમ કહ્યું છે. એવા પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરે છે. દેવ–શાસ્ત્ર–ગુરુનો તથા ગુણ–ગુણીના ભેદનો છેલ્લો વિકલ્પ છે તેનાથી નિર્વિકલ્પ થશે એવી શૈલી અહીં લીધી છે. કેમ કે જ્ઞાન પ્રધાન કથન હોવાથી સાથે નિમિત્ત કોણ છે તેનું જ્ઞાન કરાવ્યું છે.

## * અખંડ જ્ઞાનકાંડની પ્રચંડતા વડે આત્મપ્રાપ્તિ *

પહેલા અનાદિથી રખડયો કેમ તે કહ્યું, હવે સંસારથી છૂટે કેમ તે કહે છે. હવે જ્યારે તે જ આત્મા પ્રચંડ કર્મકાંડ વડે એટલે કે રાગની મંદતા અર્થાત્ સાચા દેવ –શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાના રાગ વડે; તેનો અર્થ કે પ્રથમ એવી રાગની મંદતા હોય તેને છોડીને અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરે છે. અખંડ જ્ઞાનકાંડ વડે એટલે કે આત્મા સર્વજ્ઞ સ્વરૂપી છે, ત્રિકાળ સર્વજ્ઞ સ્વભાવ છે તેમાં જ્ઞાનની એકાગ્રતા વડે. પર તરફથી તો ખસેલો જ છે પણ પર તરફના પ્રેમમાં જે રાગ–દ્વેષનો ભાવ થાય છે તેમાંથી ખસીને જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માની જ્ઞાનપરિણતિને પ્રચંડ કરવાથી જે અનાદિના મિથ્યાત્વભાવની ભ્રમણા હતી કે રાગ તે જ હું છું તેને દૂર કરે છે. પર્યાયબુદ્ધિમાં રાગ જ સૂઝે છે પણ જિનસ્વરૂપી આત્માનું ભાન નહીં હોવાથી તેના પોતાના અસ્તિત્વથી વિરુધ્ધ મોહભાવ છે કે જે આત્માનો ઘાતક છે તેની ભિન્નતાના વિવેકપૂર્વક બેને ભિન્ન કરે છે. આત્મા ઘાતક એટલે ?–કે નિર્મળ પરિણતિનો ઘાતક છે, દ્રવ્ય તો જેવું છે તેવું જ છે.

રાગ ને આત્માના વિભાગજ્ઞાન પૂર્વક એટલે કે રાગમાં જે એકતાબુદ્ધિ કરી હતી તેને વર્તમાનમાં અંતરમાં વાળતાં રાગ ને આત્માનો વિભાગ થયો. આત્માની પર્યાય ઘાત થવા લાયક હતી ને મોહ ઘાતક હતો એમ આત્મા અને મોહના વિભાગ જ્ઞાનપૂર્વક બેને જુદા કરવાથી, આત્મભાવનાના પ્રભાવથી એટલે કે આત્માના અનુભવ વડે પરિણતિ નિશ્ચળ કરી હોવાથી, જેમ સમુદ્ર પોતામાં જ નિષ્કંપ રહે છે તેમ ભગવાન આત્મા રાગ રહિત પોતાની પરિણતિમાં જ નિષ્કંપ રહે છે.

હવે કહે છે કે અજ્ઞાનમાં જે અનંતગુણની પર્યાય વ્યક્ત હતી તેમાં જે બાહ્ય પદાર્થો નિમિત્ત હતાં તેના પ્રેમને લીધે અંતરમાં આવી શકતો ન હતો અને તેની મૈત્રી છૂટવાથી પોતાની અનંત પ્રગટ દશાઓમાં વ્યાપે છે, તેથી બિલકુલ પરિવર્તનમાં

આવતો નથી, તેથી તે જ્ઞપ્તિ વ્યક્તિમાં નિમિત્ત–જ્ઞેયભૂત પદાર્થોમાં તેને મૈત્રી પ્રવર્તતી નથી. પહેલા તેને વ્યક્ત પર્યાયમાં જે બાહ્ય પદાર્થો નિમિત્ત હતાં તેમાં મૈત્રી પ્રવર્તતી હતી પણ હવે તેની મૈત્રી ભગવાન આત્મા પ્રત્યે થવાથી બાહ્ય પદાર્થમાં બિલકુલ મૈત્રી પ્રવર્તતી નથી. પર તરફથી પાછો વળી અનંતી પરિણતિમાં રાગરહિત નિષ્કંપ વર્તતો હોવાથી તેમાં નિમિત્ત જે જ્ઞેયભૂત બાહ્ય પદાર્થો તેમાં તેની મૈત્રી પ્રવર્તતી નથી. આવી રીત છે–એમ પહેલાં શીખે તો ખરો? પહેલા રાગની એકતાને લઈને ને પરમાં મૈત્રીને લઈને શિથિલ હતો–વિપરીત હતો. હવે રાગની એકતા ને પરની મૈત્રી પ્રવર્તતી ન હોવાથી આત્મવિવેકને લીધે સુપ્રતિષ્ઠિત થયેલ હોવાથી અત્યંત અંતર્મુખ થયો છે.

જ્ઞાનની વર્તમાન પર્યાય અંતર્મુખ થઈ છે એવો આ પ્રત્યક્ષ આત્મા નવા કર્મ બાંધનારા જે રાગ–દ્વેષરૂપ દ્વૈતપણાથી રહિત થયો. પુણ્ય–પાપભાવ પુદ્‌ગલકર્મને રચવામાં નિમિત્ત હતાં, તે પરિણતિથી દૂર થયો થકો પૂર્વે અનંકાળમાં નહિ અનુભવેલા એવા અપૂર્વ જ્ઞાન ને આનંદની લક્ષ્મીવાળા ભગવાન આત્માને કે જેનો સ્વભાવ મહાવ્રતાદિ નથી પણ જ્ઞાનાનંદસ્વરૂપી છે તેને પ્રાપ્ત કરે છે.

## * આજે જ પ્રાપ્ત કરો જ *

હવે કહે છે કે હે જગતના પ્રાણીઓ!–એમ કહી શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ સાગમટે નોતરું આપે છે કે અમે તો જ્ઞાનાનંદસ્વરૂપી આત્મા પ્રાપ્ત કર્યો છે પણ હે જગતના જીવો! તમે પણ જ્ઞાનાનંદાત્મક એટલે કે જ્ઞાન ને આનંદ સ્વરૂપ જે પરમાત્મા પોતે જ છે તેને પ્રાપ્ત કરો જ. 'પ્રાપ્ત કરો'–એમ ન કહેતાં 'પ્રાપ્ત કરો જ'–એમ સાગમટે નોતરું આપીને આદેશ કર્યો છે કે આજે જ પ્રાપ્ત કરો. આહાહા! દિગંબર સંતોની કરુણા તો જુઓ! ભાઈ! તને આ વાત રુચે ને પછી કરીશું એવા વાયદા શા! 'પછી કરીશું'–એ તો પછી કરીશુંમાં જ રહી જશે. તેથી કરુણાપૂર્વક આચાર્ય મહારાજ કહે છે કે હે જગતના જીવો! જ્ઞાનાનંદાત્મક નિજ પરમાત્માને તમે આજે જ પ્રાપ્ત કરો જ.

# ધર્માત્મા : આનંદામૃતનિત્યભોજી

[ શ્રી કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्
क्रीडन्तं रसभावनिर्भरमहानाट्येन बन्धं धुनत् ।
आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटन्नाटयद्-
धीरोदारमनाकुलं निरूपधि ज्ञानं समुन्मज्जति ।।१६३।।

ત્રિકાળી શુદ્ધ જીવ ચૈતન્યપ્રભુ કે જેની પર્યાયમાં વિકાર હોવા છતાં શુદ્ધ જીવ પ્રગટ થાય છે. પોતાનો અબંધસ્વભાવ જ્ઞાયકભાવ પ્રમત્ત–અપ્રમત્ત દશાથી રહિત છે. શુદ્ધ જ્ઞાયકભાવનો સમ્યગ્દર્શનમાં સ્વીકાર કરીને શુદ્ધ જીવ પ્રગટ થાય છે, તે સુખી છે અને જે વિકાર અને તેના ફળ તે હું એમ માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે, દુઃખી છે, દુઃખનું ભોજન કરે છે.

જ્યારે જ્ઞાની થાય છે–ધર્મી થાય છે ત્યારે શુદ્ધ જીવ પ્રગટ થાય છે. મિથ્યાદ્રષ્ટિ રાગને કરે છે ને દુઃખને વેદે છે, દેવો પણ દુઃખને વેદે છે. કરોડપતિ રાજા હોય કે દેવ હોય તે દુઃખને વેદે છે, તેને સુખની ગંધ પણ નથી. ધર્મી જીવને બંધભાવને છેદનાર સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તેમાં શુદ્ધ જીવ પ્રગટ થાય છે. જ્ઞાયક સ્વભાવભાવને જેણે પકડયો છે તે જીવને આત્મા ઉલ્લસ્યો છે, પ્રગટયો છે. અજ્ઞાની જીવને દયા–દાન આદિના રાગભાવ તે મારા એવો મિથ્યાત્વભાવ ઉલ્લસ્યો છે.

બંધને ટાળનારો ભગવાન આત્મા કે જે ત્રિકાળ સત્ય ધ્રુવસ્વભાવ ચૈતન્યઘન તેનો જેને સ્વીકાર થયો છે તેને જ્ઞાન પ્રગટ થયું છે એટલે કે આત્મા પ્રગટ થયો છે. ચૈતન્ય સ્વભાવનું ભાન થાય છે કે જેમાં પુણ્ય–પાપના ભાવ છે જ નહીં ને જેમાં અતીન્દ્રિય જ્ઞાન ને આનંદના ભંડાર ભર્યા છે તેનું જેને ભાન થાય છે, તેને આત્મા ઉલ્લસ્યો છે, તેને પર્યાયમાં આનંદની ભરતી આવે છે. અજ્ઞાનીને પર્યાયમાં દુઃખની ભરતી આવે છે.

જેવું તેનું સ્વરૂપ છે તેવું સમ્યગ્દ્રષ્ટિને પર્યાયમાં પ્રગટ થાય છે, તેને ધર્મ કહે છે. જો કે ધર્મ ચારિત્ર છે પણ તેનું મૂળ સમ્યગ્દર્શન છે તેથી તેને ધર્મ કહેવાય છે. પુણ્ય–પાપના ભાવ તો ક્ષણિક વિકૃતદશા છે. વસ્તુ છે તે નિત્ય ધ્રુવ છે. જ્ઞાયકભાવ કે જે વર્તમાન

ગુણસ્થાન આદિ ભાવના ભેદમાં નથી, એ તો જ્ઞાયક ચૈતન્યચંદ્ર શાંતિનો સાગર પ્રભુ છે. તેનો દ્રષ્ટિમાં જ્યાં આશ્રય થાય છે, અનાદિથી રાગને પડખે હતો તે ફેરવીને જ્યાં ચૈતન્યના પડખે જાય છે તેને પર્યાયમાં આત્મા ઉલ્લસે છે.

સર્વજ્ઞ જિનેન્દ્રદેવે જે આત્મા ધ્રુવ કહ્યો છે તેને જે જીવ અવલંબે છે તેને તે ધ્રુવસ્વભાવમાંથી શુદ્ધતા પ્રગટ થાય છે, તેને તે આત્મા શુદ્ધપણે ઉલ્લસ્યો તેમ કહેવામાં આવે છે. જેમ અનાદિ અજ્ઞાનથી પુણ્ય-પાપના ભાવ તે હું એવો મિથ્યાત્વનો અનુભવ છે તે દુઃખનો અનુભવ છે, તેમ જ્ઞાનીને અતીન્દ્રિય આનંદામૃતના ભોજન છે.

અતીન્દ્રિય આનંદનું ઘર ભગવાન આત્મા છે, અતીન્દ્રિયઆનંદની ભૂમિ આત્મા છે, તેમાંથી અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે. શુદ્ધ જ્ઞાનસ્વરૂપનો અનુભવ થતાં શું થાય છે તે કહે છે કે અતીન્દ્રિય આનંદ કે જે અપૂર્વ અમૃત છે તેનો નિરંતર આસ્વાદ થાય છે. ભાઈ! તારો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી છલોછલ ભર્યો છે. અનંત આનંદના સ્વરૂપથી ભરેલો છે. તેનો સ્વીકાર કરતાં અતીન્દ્રિય આનંદના અમૃતનો આસ્વાદ આવે છે. મુક્તસ્વરૂપનું ભાન થયું તે પર્યાય પણ અંશે મુક્તસ્વરૂપ છે.

અજ્ઞાની પણ નિત્ય ભોજી છે, તે નિરંતર દુઃખના ભોજન કરે છે. ભાઈ! આ તો અપૂર્વ વાત છે. અનંતકાળમાં કર્યું નથી તે આ વાત છે. ઘર-બાર છોડીને દ્રવ્યલિંગ અનંતવાર ધારણ કર્યા પણ તે રાગનો સ્વાદ છે, તે દુઃખનું ભોજન છે. સમ્યગ્દ્રષ્ટિમાં જ્યાં જીવતો જાગતો ભગવાન આત્મા જાગ્યો, તેનું ભાન થયું ત્યાં પર્યાયમાં અપૂર્વ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે, સમ્યગ્દ્રષ્ટિ ભલે કદાચિત્ ગરીબ હોય, રોટલાના પણ વાંધા હોય, પણ તેને પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. તેથી તે ગમે તે સંયોગમાં અતીન્દ્રિય આનંદામૃતનો જ ભોજી છે-ભોજન કરનારો છે. નરકનો નારકી જીવ હોય પણ સમ્યગ્દ્રષ્ટિ છે તો તે અતીન્દ્રિય આનંદનો ભોજી છે. શ્રેણીકરાજા પહેલી નરકમાં અતીન્દ્રિય આનંદના સ્વાદ લેનાર છે.

ધર્માત્મા કે જેને સમ્યગ્દર્શન-ધર્મની પહેલી શરૂઆત થઈ તે શાંતિ ને આનંદને વેદે છે. સમ્યગ્દ્રષ્ટિ જીવે આનંદના નાથને સ્વીકાર્યો છે તેથી તેની પર્યાયમાં તે અતીન્દ્રિય આનંદામૃતનો ભોજી છે ને તેના ફળ તરીકે અનંતકાળ સુધી અતીન્દ્રિય આનંદામૃતને આસ્વાદે છે. કોઈ આકરા ઉપસર્ગ મધ્ય હોવા છતાં નિત્ય આનંદને આસ્વાદે છે, કેમ કે ધર્મી નિરંતર અતીન્દ્રિય આનંદનો આસ્વાદનશીલ છે, નિરંતર આનંદનો ભોજી છે.

બાપુ! આ તો પરમેશ્વર થવાની વાતો છે, તું પરમેશ્વર સ્વરૂપ જ છો, તું ભગવાન સ્વરૂપ છો, તેનાથી ભગવાનદશા-પરમેશ્વરદશા પ્રગટ થશે. ધર્મી જીવ શુદ્ધસ્વરૂપને

પરિણમાવે છે, ત્રિકાળી શુદ્ધચૈતન્ય વસ્તુને સમ્યગ્દ્રષ્ટિજીવ શુદ્ધપણે પરિણમાવે છે. સહજ શુદ્ધ સ્વરૂપ છે, સ્વાભાવિક વસ્તુ સ્વરૂપ છે કે જે અણ–આદિ ને અણ–ઉત્પત્તિવાળી ચીજ છે, તેને સમ્યગ્દ્રષ્ટિ જીવ શુદ્ધપણે પર્યાયમાં પ્રગટ કરે છે. સ્વાભાવિક શુદ્ધ ચૈતન્યવસ્તુને પર્યાયમાં નચાવે છે એટલે કે સમ્યગ્દ્રષ્ટિ તેને પર્યાયમાં પ્રગટ કરે છે, પરિણમાવે છે.

કેવું છે આત્મસ્વરૂપ ?–કે ધીર એટલે કે અવિનશ્વર શાશ્વત સત્તાસ્વરૂપ છે. ભગવાન આત્માનો સ્વભાવ અવિનશ્વર છે, નાશ ન થાય એવું હોવાપણું છે. વસ્તુ અવિનાશી તો છે પણ પર્યાયમાં ધારાપ્રવાહે પરિણમવું તેવું પર્યાયસ્વરૂપ છે. વળી જેમાં શારીરિક કે માનસીક એવું કોઈ દુઃખ નથી પણ આત્મિકસુખરૂપ છે. વસ્તુ છે તે સર્વ કર્મ રહિત છે જ પણ તેની દ્રષ્ટિ થઈ તે પર્યાય સર્વ કર્મરહિત છે કે જે બંધનો નાશ કરે છે.

ભાઈ ! આવી વાત તેં સાંભળી નથી, રુચીથી સાંભળે તો કલ્યાણ થઈ જાય. કેવો છે બંધ ?–કે પ્રગટરૂપે ગર્જના કરે છે એટલે કે અમે આખા જગતને વશ કરી લીધું છે એવો અહંકાર–ગર્વ બંધ કરે છે. અમે દીક્ષા લીધી છે અમે ઘરબાર છોડયા છે, અમે ત્યાગી વ્રતી છીએ–એમ રાગના રસમાં ચઢી જાય છે તેથી બંધને અહંકાર થઈ ગયો છે કે અમે ભલભલાને પાડી દીધા છે–વશ કરી લીધા છે. જ્યાં ત્યાં શુભભાવના અહંકારમાં અમે જીવોને ચઢાવી દીધા છે. બંધ કહે છે કે અમે જીવોને બંધની ક્રિયાના અહંકારે ચઢાવીને વશ કરી લીધા છે. ભગવાન આત્મા પુણ્ય–પાપના રાગથી રહિત છે તેને અમે રાગના રસમાં ચઢાવી દીધા છે એમ બંધ ગર્વ કરે છે.

રાગના અખાડામાં રમે તે બંધ છે, ભગવાન આત્મસ્વરૂપ તે અબંધ છે, તેને ભૂલીને રાગના અખાડામાં નાચી રહ્યો છે તે સંસાર છે. બંધ કેવો છે ?–કે શુદ્ધસ્વરૂપથી જીવોને બંધે ભ્રષ્ટ કર્યા છે. રાગની એકતાના ભાવે શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ થાય છે તે બંધભાવ છે. રાગના ભાવમાં જેને સ્વભાવથી અધિકપણું થયું છે તેને રાગની એકતાના બંધભાવે સ્વરૂપથી ભ્રષ્ટ કરીને બંધભાવમાં અનાદિથી રમાડયો છે. પરમાં સાવધાનીના ભાવરૂપ મોહમદિરામાં અધિકપણું થઈ ગયું છે. વીતરાગરૂપી ભગવાનને ભૂલીને રાગની અધિકતાના ભાવે બંધે બાંધી દીધો છે. એ રીતે મતવાળો થતો હોવાથી અજ્ઞાનીને આઠે કર્મનો બંધ થાય છે.

એ બંધને મટાડવો શી રીતે ?–કે હું જ્ઞાનાનંદસ્વરૂપ ચૈતન્ય છું એવો અનુભવ કરવો તે બંધને મટાડવાનો ઉપાય છે. તેથી શુદ્ધસ્વરૂપ છે તે જ ઉપાદેય છે તે સિવાય દયા–દાન આદિ ઉપાદેય છે જ નહીં. જાણવું–જાણવું જેનું સત્ત્વ એવો જે શુદ્ધાત્મા તે જ આદરણીય છે, તે જ ઉપાદેય છે અને તે જ બંધથી છૂટવાનો ઉપાય છે.

# જ્ઞા..ન......ગો..ષ્ઠી

( પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્‌ગારો )

* આત્મા પરદ્રવ્યને તો સ્પર્શતો નથી, રાગને પણ સ્પર્શતો નથી પણ અહીં અલિંગગ્રહણના ૧૯ માં બોલમાં તો કહે છે કે આત્મદ્રવ્ય પોતાની નિર્મળ પર્યાયને પણ સ્પર્શ કરતો નથી, નિર્મળ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. દ્રવ્યસામાન્ય છે તે વિશેષરૂપ પર્યાયમાં આવતું નથી–સ્પર્શતું નથી. દ્રવ્ય વસ્તુ છે તે પર્યાયને કરતી નથી, પર્યાયને અડતી નથી અને પર્યાય છે તે દ્રવ્યમાં નથી, દ્રવ્યને સ્પર્શતી નથી. પર્યાયનું લક્ષ કરવા જતાં રાગ ઉત્પન્ન થશે ને દ્રવ્યનું લક્ષ કરતાં રાગ તૂટી નિર્વિકલ્પતા થશે, અતીન્દ્રિય આનંદ અનુભવાશે. ભાઈ! તારી નિર્મળ પર્યાય થાય તેને પણ દ્રવ્ય અડતું નથી. આહા....હા! દ્રવ્ય ને પર્યાય બન્નેની આવી સ્વતંત્રતા બતાવે છે. પર્યાય ક્ષણિક છે તે ધ્રુવ દ્રવ્યને અડતી નથી. આહાહા! અલૌકિક વાતું છે. દ્રવ્ય છે તે પર્યાયને દ્રવે છે–ઉત્પન્ન કરે છે એ પણ અપેક્ષાથી કથન છે, બીજા દ્રવ્યથી પર્યાય થતી નથી તેમ બતાવવા કહ્યું છે, પણ અહીં તો અધ્યાત્મની એકદમ સૂક્ષ્મ વાત કહે છે કે દ્રવ્ય છે તે પર્યાયનો દાતા નથી. ધ્રુવ અસ્તિત્વ ને ક્ષણીક અસ્તિત્વ બેને ભિન્ન બતાવે છે.

પ્રશ્નઃ– વીછીં શરીરને અડતો નથી તો દુઃખી થવાની ઈચ્છા તો નથી છતાં વીંછી કરડે ત્યારે દુઃખ કેમ થાય છે?

ઉત્તરઃ– વીંછી કરડવાથી દુઃખ થયું નથી, વીંછી શરીરને અડતો પણ નથી. જીવ પોતાના સ્વભાવનું લક્ષ છોડીને શરીર ઉપર લક્ષ કરી મમત્વ કરે છે તેથી વીછીંના ડંખ પ્રત્યે દ્વેષ કરે છે તે દ્વેષનું દુઃખ થાય છે, વીછીંના ડંખનું દુઃખ નથી.

પ્રશ્નઃ– પર્યાયનો બગાડો મટીને પર્યાયમાં સુધારો કેમ થાય?

ઉત્તરઃ– પર્યાય પોતે પરનું લક્ષ કરીને બગડી છે તે પોતે પરનું લક્ષ છોડી સ્વભાવનું લક્ષ કરતાં પર્યાય પોતે પોતાથી સુધરી જાય છે. સ્વનું લક્ષ કરવું એ જ પર્યાયનો સુધારો છે.

* પાણી પીવાથી તૃષા મટે છે, ખોરાક ખાવાથી ભૂખ મટે છે, દવા પીવાથી રોગ મટે છે –એમ સંસારમાં બધી ચીજોનો વિશ્વાસ કરે છે. એ વિશ્વાસના બળે તે તે ચીજો મેળવવા લક્ષ જાય છે. તેમ આત્માનો વિશ્વાસ આવવો જોઈએ કે હું પોતે જ જ્ઞાનાનંદ સ્વરૂપ છું, હું પોતે

જ પરમાત્માસ્વરૂપ છું ને રાગાદિ સ્વરૂપે નથી–એવું અંતરથી વિશ્વાસનું બળ આવવું જોઈએ. પોતાની પરમેશ્વરતાનો વિશ્વાસ.....વિશ્વાસ.......એ વિશ્વાસનું જોર એને અંતર્મુખ લઈ જાય છે.

પ્રશ્નઃ– જ્ઞાનીની પ્રરૂપણામાં અસત્‌ની પ્રરૂપણા આવે ?

ઉત્તરઃ– ના, જ્ઞાનીની વાણીમાં અસત્‌ની પ્રરૂપણા ન આવે. જ્ઞાનીને અસ્થિરતા હોય, પણ પ્રરૂપણામાં અસત્ કથન ન આવે. વ્યવહારથી નિશ્ચય થાય, રાગથી લાભ થાય કે રાગથી ધર્મ થાય કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે એવી પ્રરૂપણાને અસત્ પ્રરૂપણા કહે છે.

* સંસારમાં સ્ત્રી–પુત્ર–ધંધા આદિનું લક્ષ કરતાં તો પાપ જ થશે અને દેવ–ગુરુ–શાસ્ત્રનું લક્ષ કરવાથી પુણ્ય થશે. એ તો ઠીક પણ એકરૂપ દ્રવ્યસામાન્ય ધ્રુવ છે તેમાં ગુણભેદનું લક્ષ કરવા જઈશ તોપણ તેના લક્ષે વિકલ્પ થશે, રાગ થશે. પ્રભુ એ રાગનું તને દુઃખ થશે અને ધ્રુવવસ્તુ સામાન્ય એકરૂપ ચૈતન્યસ્વભાવ છે તેનું લક્ષ કરતાં ભેદનું લક્ષ છૂટી જશે ને તને અતીન્દ્રિય આનંદ અનુભવાશે. આહાહા! સંતોએ ગજબ કામ કર્યા છે.

* કોઈ પણ રીતે અનંતગુણના ધણી આત્માને પક્કડ એટલે બસ! એ કરવાનું છે. તીર્થંકરપુરુષ ઋષભનાથને પણ ૮૩ લાખ પૂર્વ ચારિત્ર ન હતું, સમ્યગ્દર્શન હતું. ચારિત્ર કાંઈ હઠથી લવાતું નથી. અંદરમાં આનંદનું પ્રચુર સ્વસંવેદન થતાં ચારિત્રદશા સહજ આવે છે. એ દશા અલૌકિક છે, ધન્ય છે.

* આત્મા છે તે અતીન્દ્રિય જ્ઞાનમય છે. તે અતીન્દ્રિય જ્ઞાનપર્યાયથી જ જણાય છે. આત્માને ઉત્પાદ વ્યય ધ્રુવયુક્તમ્ સત્ અને તે સતદ્રવ્ય લક્ષણ કહ્યું છે, તે તો વસ્તુને પરથી ભિન્ન ઓળખાવા કહ્યું છે, પણ ભેદજ્ઞાન કરાવવાના પ્રયોજનમાં તો રાગથી ભિન્ન જ્ઞાન તે લક્ષણ છે, રાગ તે આત્માનું લક્ષણ નથી. સમયસાર ગાથા ૨૯૪ માં પણ ભેદજ્ઞાન કરાવવા–રાગથી ભિન્નતા કરવા ભગવતી પ્રજ્ઞાને કરણ–સાધન કહ્યું છે, કેમ કે જ્ઞાન લક્ષણથી જ આત્મા લક્ષગત્ થાય છે.

* પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં દ્રવ્યસ્વભાવ તો ત્રણે કાળે શુદ્ધ જ છે. આર્ત્ત ને રૌદ્ર ધ્યાનના ક્રૂર પરિણામો એ બધા પર્યાયમાં છે, તે જ ક્ષણે ત્રિકાળી દ્રવ્ય તો શુદ્ધ જ છે નિગોદના જીવને મહા રૌદ્રધ્યાનના તીવ્ર મલિન પરિણામ છે પણ તે પર્યાયમાં છે, તેનું દ્રવ્ય તો તે સમયે પણ શુદ્ધ જ છે. સંસારના પરિણામ તે પર્યાયમાં છે, તેનું દ્રવ્ય ત્રિકાળી શુદ્ધ ભગવાન છે તે પર્યાયમાં કદી આવતો જ નથી. એવા ત્રિકાળી ભગવાન ઉપર દ્રષ્ટિ કરતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે, તેને સમ્યગ્દર્શન કહે છે.

પ્રશ્નઃ– પ્રવચનસારમાં વિકારને શુદ્ધનયથી જીવનો કહેવાનું શું પ્રયોજન છે?

ઉત્તરઃ– વિકાર તે જીવથી પોતાથી થયો છે, પોતાના અપરાધનું કાર્ય છે પણ કર્મથી –પુદ્ગલથી વિકાર થયો નથી તેમ બતાવવા વિકારને શુદ્ધનયથી જીવનો કહ્યો છે.

પ્રશ્નઃ– આપ પ્રવચનસાર કરતાં સમયસારના બહુ વખાણ કરો છો તેનું શું કારણ?

ઉત્તરઃ– પ્રવચનસારમાં જ્ઞાન પ્રધાન કથન છે, અને સમયસારમાં દ્રષ્ટિ કરાવવાના પ્રયોજનનું કથન મુખ્ય છે. સમયસારમાં વિકારને પુદ્ગલના લક્ષે થતો હોવાથી અને તે જીવનો સ્વભાવભાવ ન હોવાથી તેની દ્રષ્ટિ છોડાવી દ્રવ્યની દ્રષ્ટિ કરાવવાનું કથન મુખ્ય છે અને દ્રવ્યદ્રષ્ટિથી જ સમ્યગ્દર્શન ને મોક્ષમાર્ગની શરૂઆત થાય છે.

* બે નય પરસ્પર વિરોધી છે, જો તે એક હોય તો બે નય રહેતી નથી. વ્યવહારનય નથી એમ નથી, પણ વ્યવહારથી લાભ થાય તો નિશ્ચયનય રહેતો નથી. પાણી ગરમ થાય છે તેમાં અગ્નિ નિમિત્ત નથી તેમ નથી, પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય તો ઉપાદાન રહેતું નથી. નિશ્ચયની સાથે વ્યવહાર હોતો નથી તેમ નથી, પણ વ્યવહારથી નિશ્ચય થાય તો નિશ્ચય રહેતો નથી. ઉપાદાનના કાર્ય કાળે નિમિત્ત હોય છે પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થતું નથી. આવી વસ્તુની સ્થિતિ છે.

પ્રશ્નઃ– આ તત્ત્વનું સ્વરૂપ અનુમાનજ્ઞાનથી ખ્યાલમાં આવે છે પણ અનુભવથી ખ્યાલમાં નથી આવતું.

ઉત્તરઃ– પ્રયોજનભૂત નવ તત્ત્વોનું સ્વરૂપ પહેલા અનુમાનજ્ઞાનથી ખ્યાલમાં આવે પછી અનુભવ થાય છે. પહેલાં શુકન થાય પછી તેનું ફળ આવે છે ને! તેમ પહેલા અનુમાન જ્ઞાનથી ખ્યાલમાં લ્યે પછી અનુભવ થાય.

પ્રશ્નઃ– આપ ધ્રુવસ્વભાવમાં ઉપયોગ લઈ જવાનું વારંવાર કહો છો પણ ધ્રુવસ્વભાવ દેખ્યો હોય તો ઉપયોગ લઈ જવાય ને?

ઉત્તરઃ– ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે ત્યારે પર્યાયમાં ધ્રુવસ્વભાવ દેખાય ને! લક્ષ કર્યા વિના દેખાય કેમ! ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે નહિ તો તેને ક્યાંથી દેખાય? અંદરમાં લક્ષ યથાર્થ કરે તો ધ્રુવસ્વભાવ તેને દેખાય જ. પર્યાય પાછળ દ્રવ્ય સ્વભાવ પડયો છે, ત્યાં નજર કરે તો ધ્રુવસ્વભાવ દેખાય જ.

પ્રશ્નઃ– અભેદસ્વરૂપ આત્માની અનુભૂતિ થઈ ગયા પછી વ્રતાદિ કરવાથી શું લાભ છે?

ઉત્તરઃ– શુદ્ધાત્માનો અનુભવ થયા પછી પાંચમે છઠ્ઠે ગુણસ્થાને તે તે પ્રકારનો શુભ રાગ આવ્યા વીના રહેતો નથી. તે શુભ રાગ બંધનું કારણ ને હેય છે તેમ જ્ઞાની જાણે છે. શુદ્ધતાની વૃદ્ધિ અનુસાર કષાય ઘટતો જતો હોવાથી વ્રતાદિનો શુભરાગ આવ્યા વીના રહે જ નહિ

–એવો જ સ્વભાવ છે.

પ્રશ્નઃ– પરના લક્ષથી આત્મામાં જવાતું નથી પણ શાસ્ત્ર વાંચવાથી તો આત્મામાં જવાય છે ને ?

ઉત્તરઃ– શાસ્ત્ર વાંચવાના વિકલ્પથી પણ આત્મામાં જવાતું નથી.

પ્રશ્નઃ– તો શાસ્ત્ર વાંચવા નહિ ને ?

ઉત્તરઃ– આત્માના લક્ષે શાસ્ત્રનો અભ્યાસ કરવો તેમ પ્રવચનસારમાં કહ્યું છે અને સમયસારની પહેલી ગાથામાં આચાર્યદેવે કહ્યું કે તારી પર્યાયમાં સિદ્ધોની સ્થાપના કરીને સાંભળ ! એનો અર્થ એ કે તું સિદ્ધસ્વરૂપ છો એવી શ્રદ્ધા–પ્રતીતિ કરીને સાંભળ. સિદ્ધસ્વરૂપમાં દ્રષ્ટિ જોડી છે એટલે સાંભળતા અને વાંચતા પણ એ સ્વરૂપમાં એકાગ્રતાની વૃદ્ધિ થશે.

* હું બીજા જીવોને મારી શકુ છું કે જીવાડી શકુ છું, બીજા જીવોને ખાવાપીવા આદિની સગવડતા આપીને સુખી કરી શકુ છું કે બીજા જીવોની સગવડતા બંધ કરીને દુઃખી કરી શકુ છું, એક તણખલાના બે કટકા કરી શકુ છું, શરીરાદિની ક્રિયા હું કરી શકુ છું એવી માન્યતા મહા પાપદ્રષ્ટિ–મિથ્યાદ્રષ્ટિ છે. હાથની આંગળી હું હલાવી શકુ છું, હું વાણી બોલી શકુ છું, રોટલાના ટુકડા હું કરી શકુ છું. શરીર આદિના કામ હું કરું છું તો થાય છે, મારા વિના થતા નથી–એવી પરદ્રવ્યની ક્રિયાના કર્તાપણાની માન્યતા મહાપાપરૂપ મિથ્યાદ્રષ્ટિ છે. એવા જીવો ત્રૈલોકયમાં કાંઈ બાકી રાખ્યા વિના બધા પદાર્થોને હું કરી શકુ છું એવા અભિપ્રાયથી મિથ્યાત્વરૂપ મોટા પાપને બાંધે છે.

* પાણી અગ્નિને અડયું છે ને ?–ના; તો પાણી અગ્નિના સંઘમાં ઉષ્ણ તો થયું છે ને ? પાણી ઉષ્ણ થયું છે તે પોતાની પર્યાયની યોગ્યતાથી પોતાથી જ ઉષ્ણ થયુ છે, અગ્નિના લઈને થયું નથી. પગ જમીન ઉપર રહેલો દેખાય છે ને ! પણ તે પગ જમીનને અડયો નથી, જમીનના આધારે પગ રહ્યો નથી. પગ પગના પોતાના આધારે રહ્યો છે. આહાહા ! ગજબ છે ને ! દેખાય જમીનને આધારે ને છતાં જમીનને અડતો નથી. જો પગ જમીનને અડે તો જમીન ને પગ બે એકરૂપ થવા જોઈએ, પણ તે બન્ને વસ્તુ ભિન્ન ભિન્ન છે. વસ્તુના દ્રવ્ય–ગુણ–પર્યાયની સ્વતંત્રતા ચમત્કારીક છે. એક વસ્તુ બીજી વસ્તુને અડે કે કરે તો બે વસ્તુ જ રહે નહીં.

* વાંચવું સાંભળવું આદિ બહારથી બધું કરે પણ એનાથી શું ? એને પોતાથી અંદરથી હા આવવી જોઈએ કે રાગ તે હું નહિ અને જ્ઞાયક સ્વરૂપ ધ્રુવવસ્તુ તે જ હું એમ એના અસ્તિત્વની અંદરથી હા આવે. હા એટલે સ્વભાવની પ્રતીત કરીને હા આવે ત્યારે એના કલ્યાણની શરૂઆત થાય.

પ્રશ્નઃ– દ્રવ્યલિંગીને શુભમાં રુચિ છે કે અશુભમાં પણ છે?

ઉત્તરઃ– દ્રવ્યલિંગીને શુભમાં રુચિ છે.

પ્રશ્નઃ– કાયા અને કષાયમાં એકત્વ છે તેનો ખ્યાલ તેને આવે છે?

ઉત્તરઃ– તેને ખ્યાલ આવતો નથી.

પ્રશ્નઃ– તો ધારણાજ્ઞાન પણ તેને સાચું ન થયું?

ઉત્તરઃ– તત્ત્વના જાણપણાનું ધારણજ્ઞાન તો બરાબર છે પણ પોતે ક્યાં અટકે છે તે પકડાતું નથી. કષાયની ઘણી મંદતા છે તેમાં સ્વાનુભવ માને છે.

પ્રશ્નઃ– બંધનું કારણ પરદ્રવ્ય ને મોક્ષનું કારણ સ્વદ્રવ્ય છે ને?

ઉત્તરઃ– બંધનું કારણ પરદ્રવ્ય નથી, પરદ્રવ્ય તો સદાય હોય છે. જો તે બંધનું કારણ હોય તો બંધ રહિત ક્યારેય ન થઈ શકે. પરદ્રવ્ય પ્રત્યેનું સ્વામીત્વ તે બંધનું કારણ છે અને સ્વદ્રવ્ય પણ અનાદિથી છે જ છતાં મોક્ષ થયો નહિ. તેથી સ્વદ્રવ્યમાં સ્વામીત્વ તે મોક્ષનું કારણ છે. સ્વદ્રવ્યમાં સ્વામીપણું થતાં પરદ્રવ્ય હોવા છતાં પણ બંધ થતો નથી. માટે સ્વદ્રવ્યમાં સ્વામીપણું તે મોક્ષનું કારણ છે ને પરદ્રવ્યમાં સ્વામીપણું તે બંધનું કારણ છે.

* અરે! જગત આખો દિવસ રળવું–કમાવું–ખાવું–પીવું–સુવું–ભોગાદિ સામગ્રીમાં રચ્યા પચ્યા રહીને એકલા પાપભાવમાં કાળ ગુમાવે છે, એને આવો મોંઘો માનવ ભવ મળ્યો તોયે આ સત્ય સમજવાનો વખત મળતો નથી.

પ્રશ્નઃ– પુણ્ય થાય એવો ક્યો ધંધો છે?

ઉત્તરઃ– આ સાચા જૈન શાસ્ત્રોનું વાંચન–વિચાર–શ્રવણ કરે તો તેને પુણ્ય બંધાય ને તેમાં સાચી સમજણ કરે તો ચોરાશીની રખડપાટથી છૂટે.

* પ્રભુ! તારી ને રાગની વચ્ચે સાંધ છે, ભેદ છે. રાગ ને આત્મા બે એક નથી પણ સદાય ભિન્ન છે. પથ્થરની ખાણમાં ઉપર નીચેના પથ્થર વચ્ચે ઝીણી રગ હોય છે. આહાહા! જુઓ તો ખરા કુદરતના નિયમમાં એ સળંગ પથ્થર વચ્ચે સાંધને–રગને કોણ કરવા ગયું હતું? પણ કુદરતી જ ઉપર નીચેના બે ભાગ વચ્ચે જીણી રગ હોય છે. ત્યાં દારૂ ભરીને સુરંગ ફોડતાં બે ભાગ જુદા પડી જાય છે. તેમ અહીં આત્મા અને રાગ વચ્ચે સાંધ છે, તિરાડ છે, બે ભાગ છે. દયા–દાન–વ્રતાદિ શુભરાગ દુઃખરૂપ છે ને ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. એ બન્ને ભિન્ન સ્વરૂપે હોવાથી જ્ઞાનરૂપી છીણી મારવાથી આત્મા ને રાગ બન્ને જુદા પડી જાય છે. આત્મા તે સુખરૂપ છે ને રાગ તે દુઃખરૂપ છે. બન્નેના સ્વરૂપ ભિન્ન છે, ભાવે પણ બન્ને ભિન્ન હોવાથી બેના ક્ષેત્ર ભિન્ન છે, તેથી વસ્તુ ભિન્ન છે. આહાહા! આવી વાતો વીતરાગ કેવળી, શ્રુત કેવળી કેટલી સ્પષ્ટતા કરતા હશે! અહો! આ કાળે અહીં ભગવાનના વિરહ પડયા......

* સમ્યગ્દ્રષ્ટિ કર્તૃત્વનયે રાગ–દ્વેષ–આર્ત–રૌદ્ર ધ્યાનના તેમ જ વ્રતાદિના પરિણામનો કર્તા છે. રાગદ્વેષનું પરિણમન પોતામાં થાય છે તેથી તેનો કર્તા છે તેમ કર્તૃત્વનયે જાણે છે અને તે જ વખતે તે જ રાગાદિ પરિણામનો અકર્તૃત્વનયે સાક્ષી છે. દ્રષ્ટિની અપેક્ષાએ તો રાગાદિના પરિણામ અલ્પ છે તેને ગૌણ કરીને કેવળ સાક્ષી જ છે તેમ કહ્યું છે, પણ રાગનું પરિણમન પોતામાં છે, સર્વથા નથી તેમ નથી. તેથી સાધક શ્રુતજ્ઞાન પ્રણામ વડે કર્તૃત્વધર્મ ને અકર્તૃત્વધર્મ બન્નેને જેમ છે તેમ જાણે છે. ભોકર્તૃત્વનયે સાધક જીવ સુખદુઃખના પરિણામનો ભોગવનાર છે. જેમ રોગી રોગને ભોગવે છે તેમ સમ્યગ્દ્રષ્ટિ હરખ–શોકના પરિણામનો ભોગવનાર છે અને તે જ સમયે તે જ સુખ–દુઃખ, હરખ–શોકના પરિણામનો અભોકર્તૃત્વનયે સાક્ષી છે. જેમ વૈદ્ય રોગીના રોગનો સાક્ષી છે, ભોગવનાર નથી. તેમ સાધક જીવ ભોકર્તૃત્વનયે સુખ–દુઃખના પરિણામને ભોગવે છે અને અભોકર્તૃત્વનયે તે જ પરિણામનો તે જ સમયે સાક્ષી છે. એ બન્ને ધર્મનો ધારક આત્મદ્રવ્ય છે તેમ સાધકજીવ શ્રુતજ્ઞાન પ્રમાણથી જાણે છે.

પ્રશ્નઃ– પૂજા–ભક્તિ આદિ શુભરાગમાં ધર્મ નથી તો શ્રાવકને માટે ધર્મ શું છે?

ઉત્તરઃ– દેહ–મન–વાણી–રાગથી ભિન્ન આત્માના શ્રદ્ધા–જ્ઞાન કરવા, આત્માનો અનુભવ કરવો એ શ્રાવકનો ધર્મ છે.

પ્રશ્નઃ– તો શ્રાવકે પૂજા–ભક્તિ આદિ ન કરવાને?

ઉત્તરઃ– શ્રાવકને પૂજા–ભક્તિ આદિનો શુભરાગ આવે છે, હોય છે, આવ્યા વિના રહેતો નથી, પણ તે ધર્મ નથી, શુભરાગ છે, એનાથી ભિન્ન આત્માનો અનુભવ કરવો તે જ ધર્મ છે.

* કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એટલે સમ્યગ્દર્શન, સમ્યક્ ચારિત્ર, કેવળજ્ઞાન આદિ જે સમયે થવાના છે તે જ સમયે થાય છે. જે કાળે જે થવાનું તે જ કાળે તે થાય. પણ એનો અર્થ એમ નથી કે પુરુષાર્થ વિના થઈ જાય! કાળનયને દેખનાર સાધકની દ્રષ્ટિ કાળ ઉપર નથી પણ સ્વભાવ ઉપર હોય છે. તેથી કાળનયથી જાણે છે કે જે સમયે ચારિત્ર પ્રગટ થવાનું છે તે સમયે જ પ્રગટ થશે. જે કાળે કેવળજ્ઞાન થવાનું છે તે જ કાળે થશે. કોઈ મુનિ લાખો વર્ષ ચારિત્ર પાળે ને કેવળજ્ઞાન થતા વાર લાગે. કોઈ મુનિને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈ જાય, તેથી લાંબો કાળ ચારિત્ર પાલન કરનાર મુનિને અધીરજ થતી નથી. તે જાણે છે કે કેવળજ્ઞાન થવાનું જ છે તે સ્વકાળે થશે.

ત્રિલોકવર્તી-

## અસંખ્ય અકૃત્રિમ જિનાલય જયવંત વર્તો

જેમ આત્મદ્રવ્ય શાશ્વત છે, તો જગતમાં તેના સ્વરૂપને બતાવનાર જિન–બિંબ અને જિનાલયો પણ શાશ્વત છે. એવો જ કોઈ કુદરતનો સ્વભાવ છે. આ શાશ્વત જિનાલયો અકૃત્રિમ છે અર્થાત્ પૂર્વે કોઈએ બનાવેલા નથી, આથી અનાદિ છે. તેમજ કોઈ કાળમાં તેનો વિનાશ થતો નથી માટે અનંત છે. આમ આ અકૃત્રિમ જિનાલયો ચંદ્ર–સૂર્યની માફક શાશ્વત છે. આ અકૃત્રિમ–જિનાલયોનું વર્ણન ત્રિલોકસાર આદિ ગ્રંથમાં વિસ્તારથી આપેલું છે. અહીં માત્ર તેની સંખ્યા અને વિશાળતા જ કહેવામાં આવી છે :

( ૧ ) અધોલોકમાં ભવનવાસીઓના ભવન સાત કરોડ બોંતેર લાખ છે, તે દરેક ભવન વિષે એક–એક અકૃત્રિમ ચૈત્યાલય છે.

( ૨ ) મધ્યલોક વિશે ચારસો અઠ્ઠાવન અકૃત્રિમ ચૈત્યાલય છે.

( ૩ ) ઊર્ધ્વલોકમાં–સ્વર્ગમાં–ચોરાશી લાખ સત્તાણું હજાર ત્રેવીસ અકૃત્રિમ ચૈત્યાલયછે.

( ૪ ) વ્યંતર–દેવોને અસંખ્યાત જિન–મંદિર છે.

( ૫ ) જ્યોતિષ–લોકમાં અસંખ્યાત જિન–મંદિર છે.

આ રીતે સંખ્યારૂપ જિન–મંદિર તો આઠ કરોડ છપ્પન લાખ સત્તાણું હજાર ચારસો એકકાશી છે અને વ્યતંર તથા જ્યોતિષી દેવોના અસંખ્યાત–અસંખ્યાત જિન–મંદિર છે.

હવે તે જિનાલયોનું પ્રમાણ કહેવામાં આવે છે. જિનાલય ત્રણ પ્રકારના છે : ( ૧ ) ઉત્કૃષ્ટ ( ૨ ) મધ્યમ અને ( ૩ ) જઘન્ય.

( ૧ ) ઉત્કૃષ્ટ જિનમંદિરની લંબાઈ ૧૦૦ યોજન છે, પહોળાઈ ૫૦ યોજન છે, ઊંચાઈ ૭૫ યોજન છે.

( ૨ ) મધ્યમ જિન–મંદિરની લંબાઈ ૫૦ યોજન છે, પહોળાઈ ૨૫ યોજન છે, ઊંચાઈ ૩૭ાા યોજન છે.

[ અનુસંધાન પાનુ ૩૨ ઉપર ]

## ગુજરાત દિગમ્બર જૈન સમાજ દ્વારા
## શ્રી કુન્દકુન્દ કહાન દિગમ્બર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને

# * યોગદાન *

શ્રી કુન્દકુન્દ કહાન દિગમ્બર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટના અધ્યક્ષ શ્રીમાન પંડિત બાબુભાઈ ચુનીલાલ મહેતા ફતેપુર, ટ્રસ્ટના મંત્રી શ્રી માણેકલાલ રામચંદ ગાંધીની સાથે પંડિત જ્ઞાનચંદ વિદિશા, શ્રી મોહનલાલ શેઠ, શ્રી મંગલદાસ શેઠ, શ્રી તારાચંદ ગાંધી તલોદ, શ્રી મીઠાલાલ દોશી હિમ્મતનગર, શ્રી ચંદુભાઈ તથા શ્રી નાથાલાલ ફતેપુર તા. ૨૮–૧–૭૯ થી ગુજરાત રાજયમાં તીર્થ સુરક્ષા ટ્રસ્ટના ફંડ માટે સાથે રહ્યા હતા. તા. ૨૮–૧–૭૮ થી ૮–૨–૭૮ સુધી ગુજરાતના કેટલાક શહેર તથા ગામોમાં ઠેરઠેર દિગમ્બર જૈન સમાજ દ્વારા ઘણા ઉત્સાહથી તથા બેન્ડવાજા સાથે વિદ્વાનો તથા મેહમાનોનું સ્વાગત થયું હતું. બન્ને વિદ્વાનોના પ્રતિદિન ત્રણ–ત્રણ વખત અધ્યાત્મિક પ્રવચનોનો સમાજે ઘણો લાભ લીધો. ઘણા માણસોની મિથ્યા માન્યતાઓ દૂર થઈ. પ્રવચન પછી તુરત જ ત્યાં થોડા સમયમાં ઘણા ઉત્સાહની સાથે નિમ્નલિખીત ગામોમાં તીર્થ સુરક્ષા ટ્રસ્ટને મોટું યોગદાન દેવાની ઘોષણા થઈ.

| | નામ | રકમ | | નામ | રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ફતેપુર મોટા | ૮૨૭૬૦ | ૨૦ | સાણોદા | ૭૧૦૨ |
| ૨ | મહાદેવ પુરા | ૮૦૦૨ | ૨૧ | પાટનકુઆ | ૮૧૦૪ |
| ૩ | તલોદ | ૧૦૯૦૮૯ | ૨૨ | રાખિયાલ | ૨૧૫૪૪ |
| ૪ | હિમ્મતનગર | ૭૨૯૨૬ | ૨૩ | ખાનપુર | ૭૮૮૦ |
| ૫ | વીસનગર | ૧૬૫૦૫ | ૨૪ | ઉજેડિયા | ૩૮૫૭ |
| ૬ | મહેસાણા | ૯૧૦૫ | ૨૫ | જાંબુડી | ૪૮૬૩૨ |
| ૭ | કલોલ | ૮૭૫૪ | ૨૬ | બરોડા | ૩૫૫૩૨ |
| ૮ | માણસા | ૧૦૦૧ | ૨૭ | અમદાવાદ | ૧૧૧૭૪૦ |
| ૯ | નનાનપુર | ૫૦૧ | ૨૮ | મુનાદ | ૧૮૮૮૧ |
| ૧૦ | ગઢોડા | ૬૬૦૪ | ૨૯ | મુડેટી | ૧૩૧૫૪ |
| ૧૧ | વામનવાડ | ૨૧૭૫૭ | ૩૦ | ગોરજી | ૯૦૦૭ |
| ૧૨ | લિમ્બોઈ | ૫૧૦૩ | ૩૧ | ચોરીવાડ | ૧૨૮૫૯ |
| ૧૩ | રણાસન | ૨૯૪૯૩ | ૩૨ | કડીયાદરા | ૧૦૧ |
| ૧૪ | જીંજવા | ૨૩૨૧૬ | ૩૩ | બડોલી | ૨૫૦૧ |
| ૧૫ | સોણાસન | ૧૨૩૪૦ | ૩૪ | સાબલી | ૧૬૨૫૯ |
| ૧૬ | સલાલ | ૧૯૫૯૦ | ૩૫ | કોટડા | ૧૦૩૨૯ |
| ૧૭ | પ્રાન્તિજ | ૧૨૧૦૩ | ૩૬ | જાદર | ૬૦૦૧ |
| ૧૮ | ઓરાણ | ૮૪૧૪ | ૩૭ | દહેગામ | ૬૦૬ |
| ૧૯ | છાલા | ૧૨૫૦૨ | | કુલ | ૭, ૯૩, ૮૪૬ |

આ પ્રમાણે થોડા દિવસમાં જ ૭ લાખથી વધારે યોગદાન ગુજરાત રાજયમાં પ્રાપ્ત થયેલ છે. અત્યાર સુધીમાં લગભગ ૬૦ લાખનો ફાળો નોંધાઈ ગયો છે.

આટલું મોટું યોગદાન દેવાની ઘોષણા પછી સમાજે ઠેરઠેર આભાર સાથે આ વાત કહી કે પૂજ્ય કાનજી સ્વામીના પ્રતાપે દિગમ્બર જૈનધર્મનો મર્મ સાંભળવાથી –વિચારવાથી અમારા હૃદયમાં કષાયોની ઘણી મંદતા થઈ છે. આ કારણે આપણા દિગમ્બરત્વની સુરક્ષા હેતુ અમે ઉલ્લાસ પૂર્વક આ તીર્થ સુરક્ષા ટ્રસ્ટને યોગદાન આપી રહ્યાં છીએ.

–બાબુભાઈ મહેતા, ફતેપુર.

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ ( અંક નં. ૪૦૮ થી ચાલુ )

૫૫૦ શ્રીમતી શારદાબેન રમણીકલાલ શાહ વઢવાણ
૫૫૧ " લોપાબેન બી. લાખાણી સાયન
૫૫૨ " સુધાબેન ધીરેન્દ્રભાઈ વોરા વડોદરા
૫૫૩ " વિજયાબેન વૃજલાલ પારેખ રાજકોટ
૫૫૪ " ચંપાબેન ડગલી મુંબઈ
૫૫૫ " શાંતાબેન પોપટલાલ ગાંધી સાંતાક્રુઝ
૫૫૬ " તારાબેન કપુરચંદ કોઠારી સોનગઢ
૫૫૭ શ્રી જે. એન. દોશી ચીકાગો
૫૫૮ " નેમચંદ કસ્તુચરચંદ મહેતા ફતેરપુર મોટા
૫૫૯ " નેમીચંદજી બાલચંદજી સરાફ મલકાપુર
૫૬૦ " રસીકલાલ જગજીવન શાહ સુરેન્દ્રનગર
૫૬૧ " મગનલાલ જીવણલાલ બોટાદરા ઘાટકોપર
૫૬૨ " પ્રાણલાલ પુરુષોતમ કામદર દાદર
૫૬૩ " રજનીકાંત ધીરજલાલ શાહ અમદાવાદ
૫૬૪ " હીરાચંદ ભાઈચંદ પારેખ રાજકોટ
૫૬૫ " સંજીવ જયંતીલાલ મુંબઈ
૫૬૬ " મનહરલાલ ધીરજલાલ શાહ રાજકોટ
૫૬૭ શ્રી મહેન્દ્રકુમાર ધીરજલાલ શાહ રાજકોટ
૫૬૮ " નગીનદાસ હિંમતલાલ ડગલી મલાડ
૫૬૯ " ચંદુલાલ હિંમતલાલ ડગલી મલાડ
૫૭૦ " પોપટલાલ મોહનલાલ વોરા મુંબઈ
૫૭૧ " હસમુખલાલ પોપટલાલ વોરા મુંબઈ
૫૭૨ " પ્રફુલ ડી શ્રોફ યુ એસ એ.
૫૭૩ " એલ. એલ. મહેતા યુ. કે.
૫૭૪ " ભુપેન્દ્ર કાલીદાસ કામદાર માટુંગા
૫૭૫ " હીમતકુમાર વસંતલાલ ગાંધી મુલુંડ
૫૭૬ " પ્રભુદાસ નેમચંદ મહેતા મુંબઈ
૫૭૭ " સુરેશચંદ્ર કાંતીલાલ ગાંધી દાહોદ
૫૭૮ " માનમલજી હીરાલાલજી બીનાયાકા મંદસોર
૫૭૯ " ટી.જી. કરડા ઉલ્લાસનગર
૫૮૦ " નીરંજન વૃજલાલ શાહ અમદાવાદ

**આજીવન સભ્ય ફી : રૂા. ૧૦૧/**

[ ક્રમશઃ ]

**નોંધઃ–જગ્યાની અનુકૂળતા મુજબ નિયમિત રીતે નામાવલિ પ્રગટ કરવામાં આવશે.**




* પાલનપુરનિવાસી ( હાલ–સોનગઢ ) શ્રી ચીમનલાલભાઈ વેલચંદભાઈ ઝવેરી ( શ્રી શાંતિભાઈ તથા શ્રી મધુભાઈના પ્તિાશ્રી ) ( વર્ષ–૮૦ લગભગ ) તા. ૨–૨–૭૮ ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીથી તેમજ તેમના આધ્યાત્મિક પ્રવચનોથી પ્રભાવિત થઈને લગભગ ત્રીસ વર્ષથી સોનગઢમાં સ્થાયી રહેતા હતા. તેમને તત્ત્વજિજ્ઞાસા ખૂબ હતી તથા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો સાંભળીને ખૂબ પ્રમોદ પામતા હતા. દુર્લભ મનુષ્યભવમાં પૂજ્ય ગુરુદેવશ્રીની આત્મકલ્યાણકારી અમૃતવાણીનો લાભ તેમનો સમસ્ત પરિવાર લ્યે અને આત્મજાગૃતિ પામે તેવી તેમની ભાવના હતી. વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે તેમને અપાર શ્રદ્ધા અને ભક્તિ હતા. સત્ શાસ્ત્રો તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોના પ્રચારની ખૂબ ભાવના હોવાથી ઉત્સાહપૂર્વક પ્રચારનો ઘણો લાભ લેતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની શીતળ છત્રછાયામાં વીતાવેલા જીવન દરમિયાન પ્રાપ્ત કરેલા આત્મસંસ્કારના બળે શીઘ્રતાથી આત્મોન્નતિ પામો–એવી ભાવના.

* અમદાવાદનિવાસી શ્રી છબીલદાસ શીવલાલ સંઘવીના પુત્રી તથા દિપકભાઈ મહાસુખલાલ દોઢીવાળાના ( હાલ સોનગઢ ) ધર્મપત્ની ભાવનાબેન ( વર્ષ–૨૦ ) તા. ૧૯–૨–૭૮ ના રોજ અમદાવાદ મુકામે હાર્ટફેઈલ થવાથી અચાનક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા સમય સુધી સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લીધો હતો. વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તથા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે તેમને ઘણી ભક્તિ હતી. સદ્ગત આત્મસંસ્કારના બળ વડે આત્મશાંતિ પામો–એવી ભાવના.

* ગઢડાનિવાસી ( હાલ મલાડ ) શ્રી અમૃતલાલ હરગોવિંદદાસ ગોસળીયા ( વર્ષ–૫૫ ) તા. ૧–૨–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. સ્વર્ગસ્થ આત્મશાંતિને પામો–એવી ભાવના.

* ફત્તેપુરનિવાસી શ્રી કેશવલાલ વાલચંદ મહેતા ( વર્ષ–૮૨ લગભગ ) તા. ૭–૨–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો રસ હતો તેમજ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. તેમનો આત્મા વીતરાગ ધર્મનું શરણ પામી આત્મોન્નતિ પામો–એવી ભાવના.

* રાજકોટનિવાસી સમરતબહેન ડુંગરદાસ મોદી ( વર્ષ–૮૩ ) તા. ૭–૨–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વજિજ્ઞાસુ હતા, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો ઘણો લાભ લેતા હતા. વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુની ઘણી ભક્તિ હતી. આત્મસંસ્કારના બળે સદ્ગત આત્મોન્નતિ પામો–એવી ભાવના.

* સાબલીનિવાસી શાહ કાંતિલાલ દલુચંદની સુપુત્રી શ્રીમતી તારાબેન ( વર્ષ–૨૫ )

તા. ૧૨–૨–૭૮ ના રોજ ટુંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને પૂજ્યશ્રીની ભવતાપહારિણી અમૃતવાણીનો લાભ લેતા હતા. તેમને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. વીતરાગ ધર્મનું શરણ પામી આત્મોન્નતિ પામો–એવી ભાવના.

* વિંછીઆનિવાસી જેકુંવરબેન પોપટલાલ શાહ ( વર્ષ–૯૦ ) તા. ૧૨–૨–૭૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તથા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. જીવનપર્યંત પ્રાપ્ત કરેલા આત્મસંસ્કાર વૃદ્ધિગત હો–એવી ભાવના.

* લલિતપુરનિવાસી પંડિત પરમેષ્ઠીદાસજી ન્યાયતીર્થ ( વર્ષ ૭૧ ) તા. ૧૨–૧–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ગુજરાતી આત્મધર્મનું ગુજરાતીમાંથી હિન્દીમાં ભાષાંતર કરવાનું કાર્ય સૌ પ્રથમ તેમણે સંભાળેલ હતું. તદ–ઉપરાંત શ્રી સમયસારજી, શ્રી પ્રવચનસારજી આદિ શાસ્ત્રોનું ગુજરાતીમાંથી હિન્દી ભાષાંતર પણ તેમણે કર્યું હતું. દિગંબર જૈન ધર્મની સેવામાં તેમણે આજીવન વીતાવ્યું હતું. તેઓ સોનગઢ આવતાં અને પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેતા હતા. તેઓ તત્ત્વરસિક તથા સમાજના અગ્રગણ્ય પંડિત હતા. સનાતન દિગમ્બર જૈન ધર્મના પ્રચાર તથા પ્રભાવના માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા હતા. જીવનમાં પ્રાપ્ત કરેલા આત્મસંસ્કારના બળ વડે શીઘ્ર આત્મોન્નતિ પામો–એવી ભાવના.

[ પેજ ૨૮ થી ચાલુ ]

**( ૩ ) જઘન્ય જિન-મંદિરની લંબાઈ ૨૫ યોજન છે, પહોળાઈ ૧૨ાા યોજન છે, ઊંચાઈ ૧૮ાા યોજન છે.**

**પ્રત્યેક જિન-મંદિરને વિષે ૧૦૮ ગર્ભ-ગૃહ છે. તે દરેક ગર્ભ-ગૃહને વિષે આદિ-જિનેન્દ્રના દેહ-પરિમાણ જિન-પ્રતિમા રત્નમય અત્યંત શોભે છે.**

**શ્રી રાજવાર્તિકમાં કહ્યું છે કે : હજાર જીભ વડે પણ અકૃત્રિમ જિનાલયના મહિમાનું વર્ણન કરવું શક્ય નથી, તથા હજાર નેત્રના ધારક, હજાર નેત્ર વડે નિરંતર દેખે તોપણ તૃપ્તિ ન પામે-એવા અપ્રમાણ-( અપાર ) મહિમાવાળા અકૃત્રિમ જિનાલયો શાશ્વત જયવંત વર્તો.**

**( શ્રી રત્નકરંડ શ્રાવકાચારમાંથી )**

પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાસ્થ્ય સારું છે. આગામી ૯૫ દિવસના પ્રવાસ અર્થે તેઓશ્રી તા. ૨–૩–૭૮ ના રોજ સોનગઢથી મંગલ પ્રસ્થાન કરશે.

[ બહેનશ્રીનાં વચનામૃત ટાઈટલ ૨ થી ચાલુ ]

'વર્તમાન અસ્તિ' માને છે! જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ. વિચાર કરતાં આગળ વધાય. અનંત કાળમાં બધું કર્યું, એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધયું નથી.

* અજ્ઞાની જીવને અનાદિનો વિભાવનો અભ્યાસ છે; મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે. પોતે પોતાની સહજ દશા પ્રાપ્ત કરી છે. જરા પણ ઉપયોગ બહાર જાય કે તરત સહજપણે પોતા તરફ વળી જાય છે. બહાર આવવું પડે તે બોજો-ઉપાધિ લાગે છે. મુનિઓને અંદર સહજ દશા-સમાધિ છે.

* હમેશાં આત્માને ઊર્ધ્વ રાખવો. ખરી જિજ્ઞાસા હોય તેને પ્રયાસ થયા વિના રહેતો નથી.

* સ્વરૂપની શોધમાં તન્મય થતાં, અનેક જાતની વિકલ્પ જાળમાં ફરતો હતો તે આત્માની સન્મુખ થાય છે. આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી ગુણોનો વિકાસ થાય છે.

* સાચું સમજતાં વાર ભલે લાગે પણ ફળ આનંદ અને મુક્તિ છે. આત્મામાં એકાગ્ર થાય ત્યાં આનંદ ઝરે.

* રાગનું જીવતર હોય તેને આત્મામાં જવાનું બને નહીં. રાગને મારી નાખ તો અંદર જવાય.

* કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતાં નથી. આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે; તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી. તું તારા સ્વભાવને ઓળખ. અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે તેને ઓળખ. આત્માનું લક્ષણ -ત્રિકાળી સ્વરૂપ ઓળખી પ્રતીત કર.

* આત્માના જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે. એકને જાણતાં બધું જણાય. મૂળને જાણ્યા વિના બધું નિષ્ફળ.

* ચૈતન્યલોકમાં અંદર જા. અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે; તેમાં નિર્વિકલ્પ થઈને જા, તેની શોભા નિહાળ.

* રાગી છું કે નથી-તે બધા વિકલ્પોથી પેલી પાર હું શુદ્ધ તત્ત્વ છું. નયોથી અતિક્રાન્ત ચૈતન્ય બિરાજે છે. દ્રવ્યનું અવલંબન કર તો ચૈતન્ય પ્રગટ થશે.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

જિનેન્દ્રભગવાનનાં ચરણકમળોમાં દૃષ્ટિ કરનાર (-શ્રદ્ધા કરનાર) સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી સુખની ઉત્પત્તિના સ્થાનરૂપ હોતી થકી મને એવી રીતે સુખી કરે કે જેવી રીતે સુખની ભૂમિ કામિની કામી પુરુષને સુખી કરે છે, પવિત્ર શીલવાળી હોતી થકી મને એવી રીતે પાળે કે જેવી રીતે પવિત્ર શીલવાળી માતા પોતાના પુત્રને પાળે છે અને આઠ મૂળગુણરૂપી અલંકારથી યુક્ત હોતી થકી મને એવી રીતે પવિત્ર કરે કે જેવી રીતે ગુણવતી કન્યા કુળને પવિત્ર કરે છે. તેમ તે (સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી) મને પવિત્ર કરે છે.

[ શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૧૫૦ ]

* આ જ્ઞાનરૂપી ધન એવું વિલક્ષણ છે કે જેને ચોર તો ચોરી શકતા નથી, ભાઈ-બંધુ ભાગ પડાવી શકતા નથી, મરણ પછી પુત્ર આદિ લઈ શકતા નથી, રાજા છીનવી શકતો નથી અને બીજા લોકો આંખો વડે દેખી શકતા નથી. આવું આ જ્ઞાનધન જેની પાસે હોય છે તે લોકોને ધન્ય સમજવામાં આવે છે.

[ શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિત રત્નસંદોહ, શ્લોક ૧૮૬ ]

* તત્કાલ પ્રાણોને હરનારું ઝેર ખાઈ લેવું સારું, ભયંકરપણે સળગતી અગ્નિમાં પ્રવેશીને બળીને રાખ થઈ જવું સારું અને અન્ય કોઈ પણ કારણ વડે યમરાજની ગોદમાં સમાઈ જવું સારું, પરંતુ તત્ત્વજ્ઞાનથી રહિતપણે આ સંસારમાં જીવવું સારું નથી.

[ શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિત રત્નસંદોહ, શ્લોક ૧૮૬ ]

તત્ત્વને સમજતી વખતે યુક્તિમાર્ગ વડે આગમની વાતો જાણવી જોઈએ પણ આરાધના વખતે નહીં; કેમ કે અનુભવ તો પ્રત્યક્ષનો વિષય છે.

[ નયચક્ર, શ્લોક ૨૬૮ ]

* જે પુરુષ અજ્ઞાની છે-વાસ્તવિકપણે હિત-અહિતને જાણતા નથી-તેનો સંસાર તો સ્ત્રી-પુત્ર આદિ જ છે. પરંતુ જે વિદ્વાન છે, શાસ્ત્રોનો અક્ષરાભ્યાસ તો કરી ચુક્યા છે પણ આત્મધ્યાનથી શૂન્ય છે તેમનો સંસાર શાસ્ત્ર છે.

[ શ્રી યોગસારપ્રાભૃત, અધિકાર ૭, ગાથા ૪૪ ]

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) PIN : 364250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૫૦૦